॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

સાળંગપુર નિવાસી

શ્રીકષ્ટભંજન દેવ

# હનુમાનજી મહિમા


: પ્રકાશક :

શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર

મહંત પુરાણી શ્રીવિષ્ણુપ્રકાશદાસજી સ્વામી

(અથાણાવાળા)

મુ. સાળંગપુર (હનુમાન), તા. બરવાળા,

જી. બોટાદ, ગુજરાત. ભારત. પીન-382450.

ફોન : (02711) 241202, 241408.

**Website :** www.salangpurhanumanji.com

**E-mail :** shreesalangpur@gmail.com

**શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મહિમા**

**માર્ગદર્શક** : પ.પૂ. શા. સ્વા. શ્રીહરિપ્રકાશદાસજી
(અથાણાવાળા)

**અનુવાદક/આલેખક** : ડૉ. હર્ષદભાઈ સતાસીયા

**પ્રકાશન તિથિ** : ઈ.સ. 2016, ચૈત્ર સુદ-15,
(હનુમાનજયંતી) ના ઉપલક્ષ્યમાં

**પ્રત** : 50,000

**કિંમત :** ₹ 7/-

**મુદ્રક** : શ્રીજી આર્ટ, અમદાવાદ.
ફોન નં. +917940086686
મો. 9879606686

**E-mail :** shreejiart@gmail.com
**www.** shreejiarts.org

# અનુક્રમણિકા


| અનુ. | વિષય | પાનું |
|---|---|---|
| ૧. | વિજ્ઞપ્તિ | 05 |
| ૨. | શ્રીસ્વામિનારાયણ ભગવાનનું સંક્ષિપ્ત જીવનચરિત્ર | 09 |
| ૩. | સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર | 16 |
| ૪. | શ્રીકષ્ટભંજનદેવનો મહિમા | 23 |
| ૫. | ભક્તચિંતામણિનું ૧૪૨મું પ્રકરણ | 27 |
| ૬. | શ્રીકષ્ટભંજનદેવની આરતી | 34 |
| ૭. | શ્રીહનુમત્સ્તોત્ર તથા મંત્ર | 35 |
| ૮. | શ્રીહનુમત્સ્તોત્ર (શતાનંદમુનિકૃત) | 38 |
| ૯. | શ્રીમારૂતિસ્તોત્ર (મુક્તાનંદસ્વામીકૃત) | 40 |
| ૧૦. | શ્રીજનમંગલ સ્તોત્ર | 45 |
| ૧૧. | શ્રીજનમંગલ નામાવલિ | 50 |
| ૧૨. | શ્રીનારાયણકવચ | 57 |

૧૩. શ્રીહરિકવચ 70
૧૪. શ્રીહનુમાન ચાલીસા 85
૧૫. શ્રીસંકટમોચન હનુમાનાષ્ટક સ્તુતિ 91
૧૬. શ્રીગોપાળાનંદસ્વામી કૃત
શ્રીસહજાનંદસ્વામીનો મંત્ર, વિધિ સાથે 95
૧૭. પૂજાપાઠ વિધિ 103
૧૮. સૂચના 104
૧૯. સાળંગપુર તીર્થધામનાં દર્શનીય સ્થળો 109

શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર
મુ. સાળંગપુર (હનુમાન), તા. બરવાળા,
જી. બોટાદ, ગુજરાત. ભારત. પીન-382450.
ફોન : (02711) 241202, 241408.
**Website :** www.salangpurhanumanji.com
**E-mail :** shreesalangpur@gmail.com

॥ શ્રીહરિઃ ॥

॥ શ્રીકષ્ટભંજનદેવો વિજયતેતરામ્ ॥

## -: વિજ્ઞપ્તિ :-

આ પુસ્તકમાં અનેક પ્રકારનાં ભૂતપ્રેતાદિકનાં દુઃખોથી પીડા પામતાં મનુષ્યોને અને ધર્મપ્રેમી બંધુઓને ઉપયોગી અલભ્ય વિષયોનો સર્વોત્તમ રીતે સર્વસિદ્ધિ માટે સમાવેશ કરવામાં આવ્યો છે. ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુના આદેશરૂપ શિક્ષાપત્રી શ્લોક ૮૫માં આદેશ કરેલો છે કે -

**ભૂતાદ્યુપદ્રવે ક્વાપિ વર્મ નારાયણાત્મકમ્ ।**
**જપ્યં ચ હનુમન્મંત્રો જપ્યો ન ક્ષુદ્રદૈવતઃ ॥**

અમારા આશ્રિત સત્સંગીઓને જયારે ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે શ્રીહનુમાનજીના મંત્રનો જપ કરવો અથવા નારાયણકવચનો પાઠ કરવો, એ વિના બીજા કોઈ ક્ષુદ્ર દેવના સ્તોત્ર યા મંત્રનો જાપ કરવો નહીં.

ઉપર પ્રમાણે ઈષ્ટદેવ શ્રીસહજાનંદસ્વામીના આદેશને અનુલક્ષીને, સંપ્રદાયના સિદ્ધાંત અને મર્યાદાઓને શ્રીહરિની આજ્ઞાનુસાર સ્થિર કરનાર તેમજ શ્રીહરિના સ્વરૂપ અને સિદ્ધાંતને જાણનાર યોગીરાજ સ.ગુ. ગોપાળાનંદસ્વામીએ મનુષ્યોના ભૂતપ્રેતાદિક દુઃખોને નષ્ટ કરવા સાળંગપુર શ્રી કષ્ટભંજન હનુમાનજીની સ્થાપના સ્વહસ્તે કરી છે. તેઓશ્રીના સંક્ષિપ્ત જીવનચરિત્રનો (એ હનુમાનજીના સ્થાપક કેવા હતા ? તેના જ્ઞાન માટે) સમાવેશ આ પુસ્તિકામાં કરવામાં આવેલ છે.

ભૂતપ્રેતાદિકથી પીડા પામતાં મનુષ્યો કે જેઓ તે પીડામાંથી છૂટવા ઈચ્છતા હોય અથવા જેમને બીજા કોઈ કષ્ટનિવારણની કે સુખ મેળવવાની કામના હોય તેમની અનુકૂળતા માટે સાળંગપુર નિવાસી શ્રી કષ્ટભંજન હનુમાનજી દેવની આરતી, સ્તોત્રો, મંત્રો,

શ્રીહનુમાનચાલીસા, હરિકવચ, નારાયણકવચ તથા જનમંગલસ્તોત્ર, જનમંગલ નામાવલિ વગેરે ઉપયોગી સાહિત્યનો આ પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવેલ છે.

સ્તોત્રો, મંત્રો વગેરે શુદ્ધ ન હોય તો પાઠ કરનારને કોઈ પ્રકારની સિદ્ધિ યા ઈચ્છિત ફળ મળે નહિ અને તેથી ધર્મ અને દેવ પ્રત્યેની ભાવના ઘટી જાય. શ્રી કષ્ટભંજન હનુમાનજી દેવના સ્તોત્રો, મંત્રો વગેરેનો વિધિ સાથે પાઠ કરવાથી ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય અને ભૂતપ્રેતાદિકથી આવેલ અનેક દુઃખો નષ્ટ થાય તેમજ દેવનું સાચું સ્વરૂપ સમજાય અને ધર્મ પ્રત્યેની ભાવના વધે તેવા હેતુથી આ પુસ્તક ફરીથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આ પુસ્તકમાં આવેલ સ્તોત્રાદિકનો અનુવાદ તથા અન્ય લેખોનું આલેખન પ.ભ. ડૉ. શ્રીહર્ષદભાઈ

સતાસીયાએ કરેલ છે. વળી સંશોધનમાં કાળજી રાખવામાં આવી છે, છતાં કોઈ ભ્રમવશાત્ કે પ્રેસદોષથી અશુદ્ધિ થઈ હોય તો સુજ્ઞ ગુણગ્રાહી ભક્તોએ સુધારીને વાંચવા નમ્ર વિનંતી છે.

આ પુસ્તક સાળંગપુર શ્રી કષ્ટભંજન હનુમાનજી દેવના મંદિરની ઓફિસથી મળશે. એ જ,

: **નિવેદક** :

કોઠારી શ્રીવિવેકસાગરદાસજી સ્વામી

ગુરુ : મહંત પુરાણી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી

(અથાણાવાળા)

## શ્રીસ્વામિનારાયણ ભગવાનનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

શ્રીમદ્ ભગવદ્ગીતામાં પરમાત્મા શ્રીકૃષ્ણચંદ્રે કરેલી 'સમ્ભવામિ યુગે યુગે'ની ઘોષણાનુસાર પૃથ્વી પર જ્યારે અધર્મ સર્ગનું બળ અતિવૃદ્ધિને પ્રાપ્ત થયું અને તેનાથી બ્રહ્મનિષ્ઠ ભક્તગણ સંતપ્ત થવા લાગ્યા ત્યારે અકારણ કરૂણાસાગર, અક્ષરાતીત, સર્વાવતારધર્તા, અનંતકોટિબ્રહ્માંડાધીશ, ભક્તવત્સલ, શ્રીપૂર્ણપુરુષોત્તમનારાયણે પૃથ્વી પર પ્રગટ થવાનો સંકલ્પ કર્યો. જેમની ઈચ્છાશક્તિ માત્રથી અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ-સ્થિતિ અને લય થાય છે તે પરમાત્માના સંકલ્પ બળથી ભારત વર્ષમાંથી મહાન અને પવિત્રતમ ઋષિ-મુનિઓનો સમૂહ અનેકવિધ તીર્થયાત્રા સંપન્ન કરી દર્શનની લાલસાથી ભગવાન શ્રીનારાયણની પાસે બદરીકાશ્રમમાં પહોંચ્યો. ધર્મ-ભક્તિ-નારદ-ઉદ્ધવ - ઈત્યાદિની સાથે અનેક ઋષિમુનિ ભગવાન નારાયણના મુખકમળમાંથી નીકળતા શબ્દમય અમૃતનું પૂર્ણતઃ

આસ્વાદન કરી રહ્યા હતા ત્યારે જ દુર્વાસામુનિનું ત્યાં આગમન થયું. એમના આગમનથી અજાણ તે સર્વે ઋષિમુનિઓને તેમનો શાપ થયો. ત્યારે નારાયણે કહ્યું કે આ શ્રાપથી આપ સર્વની રક્ષા કરવા હું સ્વયં અવતાર ધારણ કરીશ. તત્પશ્ચાત્ જેમ રંગમચ પર મહાનાયકના આગમન પૂર્વે અનેકવિધ પાત્ર પૂર્વ નિશ્ચિતતાનુસાર પ્રસ્તુત થાય છે તેવી જ રીતે તે સર્વે ઋષિ મુનિઓએ યથાયોગ્ય સ્થાને મનુષ્યાકૃતિને ધારણ કરી. ઉદ્ધવજીએ માનવ અવતારમાં રામાનંદસ્વામી નામ ધારણ કરી ઉદ્ધવસંપ્રદાયની સ્થાપના કરી. હરિપ્રસાદ અને પ્રેમવતીના રૂપમાં ધર્મ અને ભક્તિનું પ્રાગટ્ય થયું. સમયાનુસાર તેમનો વિવાહ થયો અને અયોધ્યાના સમીપવર્તી છપૈયા નામક ગામમાં દંપતિ નિવાસ કરવા લાગ્યા. શ્રીહરિની ઈચ્છાથી સંકર્ષણે તે પવિત્ર પતિ-પત્નીને ત્યાં જન્મ ધારણ કરી રામપ્રતાપ નામ ધારણ કર્યું. દુર્વાસામુનિના શાપના કારણે પિતા ધર્મદેવ અને માતા ભક્તિને અસુરો દ્વારા અનેકવિધ કષ્ટો પ્રાપ્ત થયા.

જ્યારે જીવનમાં અવિરત કષ્ટોની શ્રૃંખલાઓ દૃષ્ટિગોચર થઈ ત્યારે ધર્મદેવે હનુમાનગઢીમાં કષ્ટભંજન દેવનું શરણ લીધું. હનુમાનજીએ તેમની પવિત્ર સાધનાથી પ્રસન્ન થઈ દર્શન આપી કહ્યું કે તમે વૃંદાવન જાઓ. ધર્મ અને ભક્તિ તુરંત વૃંદાવન ગયા. ઈશ્વરેચ્છાથી ત્યાં સર્વે ઋષિ-મુનિઓનું આગમન તથા પરસ્પર પરિચય થયો. સર્વેએ મળીને પરમેશ્વરનું પરમારાધન કર્યુ. જેના ફળસ્વરૂપે સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે પ્રગટ થઈ વરદાન આપ્યું કે હું ધર્મ અને ભક્તિને ત્યાં પુત્રરૂપે અવતરિત થઈ આપ સર્વેના કષ્ટોનો સદ્ય જ વિનાશ કરીશ. તત્પશ્ચાત્ પોતાના વચનાનુસાર ચૈત્ર શુક્લ નવમીની રાત્રિએ ધર્મ અને ભકિતના ગૃહમાં પરાત્પર પૂર્ણપુરુષોત્તમ નારાયણે દિવ્ય મનુષ્ય શરીર ધારણ કર્યુ. ઘનશ્યામ પોતાની બાલોચિત લીલાઓથી માતા-પિતા અને છપૈયાપુરવાસીઓને અતિ આનંદિત કરતા થકા અને કાલિદત્ત જેવા મહાપરાક્રમી રાક્ષસોને અત્યંત સહજતાથી મોક્ષપ્રદાન કરતા થકા ત્રણ વર્ષ સુધી

છપૈયામાં રહ્યા. ત્યારબાદ અયોધ્યા આવીને નિવાસ કરવા લાગ્યા. પોતાના પિતા ધર્મદેવ પાસેથી જ અનેકવિધ શાસ્ત્રોનું અધ્યયન કર્યુ. ઉપવીત સંસ્કાર પછી વેદાધ્યયન કરી અતિ અલ્પાયુમાં જ પ્રકાંડ પંડિતોને પરાસ્ત કર્યા. માતા-પિતાને દિવ્યગતિ પ્રદાન કર્યા પછી અનંત જીવો પર અકારણ કરૂણા વરસાવવા નીલકંઠ રૂપ ધારણ કરી શ્રીહરિએ ગૃહત્યાગ કર્યો. નિતાંત, નિર્જન, ભયંકર અને વન્ય પ્રાણીઓથી ભરપૂર વનોમાં, પ્રગાઢ પર્વતોમાં અને અગમ્ય સ્થાનોમાં જઈને નીલકંઠે અનેક તપસ્વીઓની તપસ્યાને, યોગીઓના યોગને, રાજર્ષિઓના રાજ્યોને અને તીર્થોના તીર્થત્વને સફળ કર્યા. દેવતાઓથી પણ દુષ્કર તપશ્ચર્યા કરતા, યોગશિક્ષણ આદિ માનુષીલીલાનો વિસ્તાર કરતા, અને પોતાના દર્શનમાત્રથી કરોડો જીવોને મોક્ષભાગી કરતા નીલકંઠ ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રાન્તમાં સ્થિત લોજ નામક ગામમાં આવ્યા. ત્યાં રામાનંદ સ્વામીના આશ્રમમાં સ્થિત મુનિવર મુક્તાનંદજીના પ્રેમે નિઃસ્પૃહી નીલકંઠને

તેમની સાથે રહેવા માટે બાધ્ય કરી દીધા. પીપલાણા નામક ગામમાં ગુરૂવર રામાનંદસ્વામીને મળી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી નીલકંઠ સહજાનંદસ્વામી થયા. ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીએ સહજાનંદસ્વામીને જેતપુરમાં ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા પ્રદાન કરી પાંચ ભૌતિક દેહનો ત્યાગ કર્યો. સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીએ સ્વયં પોતાનો સ્વામિનારાયણ નામક મહામંત્ર જપ હેતુ સર્વેને પ્રદાન કર્યો. અનેકવિધ સામાજિક કાર્યો કર્યા પછી પણ જ્યારે તેમને એમ લાગ્યુ કે સર્વ વર્ણ, સર્વ આશ્રમ અને સર્વ પ્રકારના જીવોને મારો પૂર્ણ પરિચય થઈ રહ્યો નથી અને પૂર્ણ પરિચય વિના મુમુક્ષુજનને જેવું જોઈએ તેવું ઉપાસનાનું સુખ પ્રાપ્ત થાય નહિં ત્યારે પરાત્પર પૂર્ણપુરુષોત્તમ નારાયણે સમાધિ પ્રકરણ જેવી સૃષ્ટિમાં અદષ્ટપૂર્વ અને અશ્રુતપૂર્વ ઐશ્વર્ય શ્રૃંખલા પ્રગટ કરી. અવિરત અને અનેકવિધ ચમત્કાર પરમેશ્વર શ્રીસહજાનંદસ્વામી માટે અત્યંત સહજ હતા. ભગવાન શ્રીસ્વામિનારાયણે અનેક

ઉચ્ચ કોટિની વિચારધારા અને ઉપાસનાવાળા પોતાના આશ્રિતોને ત્યાગી દીક્ષા આપી પરમહંસ બનાવ્યા. તે પરમહંસોએ અપમાન કષ્ટો વગેરે સહન કરીને પણ સૃષ્ટિના વિભિન્ન પ્રાન્તોમાં પ્રગટ ભગવાનની ઉપાસનાનો પ્રચાર-પ્રસાર કર્યો. અંતર્યામી શ્રીહરિના અચ્છેદ્ય પ્રભાવથી જે પણ તેમના કે તેમના પરમહંસોના સંપર્કમાં આવ્યા તેઓ તન-મન-ધન ન્યોછાવર કરી શુદ્ધ એકાંતિક ભક્તો બન્યા. ભક્તગણને અભૂતપૂર્વ સુખપ્રદાન કરવા માટે પરમેશ્વર ભગવાન શ્રીસ્વામિનારાયણે જન્માષ્ટમી-ઉત્સવ, એકાદશી-ઉત્સવ, શરદોત્સવ, અન્નકૂટોત્સવ, રંગોત્સવ, શાકોત્સવ જેવા કેટલાય ઉત્સવો તથા મહારુદ્ર, વિષ્ણુયાગ જેવા મોટા મહાયજ્ઞો તથા અમદાવાદ, ભૂજ, વરતાલ, ધોલેરા, જૂનાગઢ તથા ગઢડામાં વિશાળ મંદિરોના નિર્માણ કરાવી પોતાના હસ્તકમળથી જ પોતાના વિવિધ સ્વરૂપોની પ્રાણ-પ્રતિષ્ઠા કરી યાવત્ચંદ્રદિવાકરૌ મોક્ષના

ધોરીમાર્ગની સ્થાપના કરી. જ્યારે તેઓને એમ લાગ્યું કે વિકરાળ કળિકાળમાં પણ સત્યુગ જેવું વાતાવરણ પ્રસ્થાપિત થયું છે જેનાથી મુમુક્ષુગણને ભગવદ્ભક્તિમાં કોઈ વિક્ષેપ નથી ત્યારે શિક્ષાપત્રી નામક ગ્રંથની રચના કરીને પોતાના આશ્રિતોને આચારસંહિતા પ્રદાન કરી તથા રઘુવીરજી અને અયોધ્યાપ્રસાદજી નામક બે આચાર્યોની સ્થાપના કરી બંને આચાર્ય સમેત સમસ્ત સત્સંગ સમાજની જવાબદારી સદ્ગુરુ શ્રીગોપાળાનંદજીને સોંપીને સંવત્ ૧૮૮૬ જ્યેષ્ઠ સુદી-૧૦ (દશમ)ને દિવસે પોતાના શરીરને પંચભૂતમાં વિલીન કરી અક્ષરધામમાં સ્થિત થયા. ત્યારથી માંડી આજસુધી પોતાના અનન્ય આશ્રિતોને પોતાનું પ્રત્યક્ષત્વ અવિરત દૃષ્ટિગોચર કરાવતા થકા શ્રીહરિ સત્સંગ સમાજની વચ્ચે અનેક તારાગણમાં જેમ ચંદ્ર શોભાયમાન થાય તેમજ સુશોભિત થાય છે.

## સ.ગુ. શ્રીગોપાળાનંદ સ્વામીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

અત્યંત પવિત્રતમા ભારતભૂમિના ઈડર રાજયાન્તર્ગત ટોડલા નામક ગામમાં માધ્યન્દિની શાખામાં ઔદિચ્ય કુલદીપક શ્રીમોતીરામ ઠાકર અને કુશલાદેવીને ત્યાં સંવત્ ૧૮૩૭ના મહા સુદ-૮ (અષ્ટમી)ને દિવસે સૂર્યોદય સમયે પુત્રરત્નનો આવિર્ભાવ થયો. પરાત્પર પરમેશ્વરની ઈચ્છાથી અવતરિત થનાર એવમ્ શારીરિક આભા પ્રભા ઈત્યાદિથી અલૌકિક દેખાતા આ બાળકનું નામ ખુશાલ રાખવામાં આવ્યું. ખુશાલની બાલોચિત લીલાઓને જોઈને ગામજનો આશ્ચર્યચકિત રહી જતા અને નિશ્ચય જ આજ કોઈ ઈશ્વરાંશ પ્રગટ થયો છે એમ અનુમાન કરતા. યજ્ઞોપવિત સંસ્કાર પછી ખુશાલે પોતાના પિતા પાસેથી કેટલાક સત્શાસ્ત્રોનું અધ્યયન કર્યુ તથા ઉપવીત ગ્રહણ કર્યા પછી થોડો સમય પોતાના ગામથી થોડે દૂર

રહેલા એક આચાર્ય પાસેથી શિક્ષા ગ્રહણ કરી. અસાધારણ બુધ્ધિપ્રતિભા વાળા ખુશાલભટ્ટે શિક્ષા ગ્રહણ પછી ટોડલામાં પાઠશાળા શરૂ કરી. તેમના નિર્મળ અને ઉચ્ચતમ આકર્ષણથી આકર્ષિત થયેલા સેંકડો માતાપિતાએ પોતાના બાળકોને ખુશાલભટ્ટ પાસે શિક્ષા ગ્રહણ કરવા મોકલ્યા. ભક્ત પ્રહ્લાદની જેમ જેનું મન અવિરત ભગવદ્ભક્તિથી ઓતપ્રોત હતું તેવા ખુશાલભટ્ટ અધ્યાપનની સાથોસાથ આધ્યાત્મિકતાના ઉચ્ચ સંસ્કારોનું સિંચન તે બાળકોમાં કરતા. પ્રાગટ્યથી લઈને કોઈ એવો દિવસ ન હતો જે દિવસે ખુશાલે કોઈ ચમત્કાર ન દેખાડ્યો હોય. નિઃસ્વાર્થ ભક્તિ અને સાંસારિકતાથી વૈરાગ્યને કારણે ખુશાલનો અધિકાંશ સમય ભગવદારાધન અને ધ્યાનમાં વ્યતીત થતો. આટલી અલ્પ આયુમાં ધ્યાનનો આટલો ગહન અભ્યાસ અને યમ-નિયમ-આસન-પ્રાણાયામ-

પ્રત્યાહાર-ધ્યાન-ધારણા અને સમાધિમાં અત્યંત નિપુણતા જોઈને સર્વે લોકો તેમને યોગીરાજ કહીને સંબોધિત કરવા લાગ્યા. એકવાર દુકાળથી પીડિત લોકોએ આવીને ખુશાલભટ્ટને વિનંતી કરીને કહ્યું કે જળના અભાવમાં હવે પશુ-પક્ષીઓ પણ મૃત્યુ પામવા માંડ્યા છે, આપ દયા કરો. તેમની આર્તવાણી સાંભળી ખુશાલનુ હૃદય ભરાઈ આવ્યું અને તેઓએ આકાશ તરફ દૃષ્ટિ કરી ત્રાટક કર્યુ. થોડીક જ વારમાં ગાજવીજ સાથે વરસાદનો આરંભ થયો અને સતત ત્રણ દિવસ સુધી વર્ષા થઈ. મૃત્યુથી જીવનની રક્ષા, આકસ્મિક ઉત્પાતોથી અભયદાન, સહજતામાં જ સમાધિ સ્થિતિનો અનુભવ કરાવવો વિગેરે અનેકાનેક ચમત્કારોથી પરિપૂર્ણ ખુશાલભટ્ટનું જીવન પૃથ્વી પર વૈકુંઠની અનુભૂતિ કરાવી રહ્યું હતું તેવામાં એક દિવસ ભગવાન શ્રીસ્વામિનારાયણના આશ્રિતોની થયેલી મુલાકાતને

કારણે ભગવદ્દર્શન અને ભગવદ્ સાનિધ્યની લાલસાથી ખુશાલભટ્ટનું અંતઃકરણ ઓતપ્રોત થઈ ગયું. જેમ પરમ ભક્ત ભગવાનનો વિયોગ સહન કરી શકતો નથી તેમજ ભગવાન પણ તેવા ભક્તોનો વિયોગ સહન કરી શકતા નથી. આથી સ્વયં પુરુષોત્તમ નારાયણ દ્વિજનું રૂપ ધારણ કરી ટોડલાથી ખુશાલભટ્ટને સાથે લઈ જેતલપુર આવ્યા. ત્યાં ભગવાન શ્રીસ્વામિનારાયણ બિરાજમાન હતા. બ્રાહ્મણે કહ્યું કે આપ ગામમાં ભગવાનની પાસે જાઓ. હું સ્નાનાદિક કરીને આવીશ. પરમેશ્વરના દર્શનની ઉત્કંઠા ખુશાલને રોકી શકી નહિ અને શીઘ્રજ તે ભગવાનના સાનિધ્યમાં પહોંચી ગયા અને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ભગવાને તેમને ઉભા કર્યા, આલિંગન આપ્યું અને માર્ગમાં જે જે ઘટિત થયું હતું તે બધું કહ્યું અને સ્પષ્ટ કર્યું કે બ્રાહ્મણના વેશમાં તે પોતે જ ખુશાલને લેવા આવ્યા હતા.

ભગવાનના શ્રીચરણોનું સાનિધ્ય પામી ખુશાલભટ્ટનું મન અત્યધિક આનંદથી ભરાઈ ગયું અને તે ભગવાનની સેવામાં સંલગ્ન થઈ ગયા. થોડાક સમય પછી સ્વયં શ્રીહરિએ સંવત્ ૧૮૬૪ કારતક વદ-૮ (અષ્ટમી)ને દિવસે ખુશાલભટ્ટને પરમહંસની દીક્ષા આપી ગોપાળાનંદ સ્વામી નામથી અભિહિત કર્યા. સદ્ગુરુવર્ય શ્રીગોપાળાનંદસ્વામીએ શ્રીહરિની ઈચ્છાનુસાર સત્સંગમાં અવિરત વિચરણ કર્યું અને પરમેશ્વરની શુદ્ધ ઉપાસના-ભક્તિનું ભક્તજનોને જ્ઞાન આપ્યું. સ્વામીજી જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં દુઃખી લોકોનું દુઃખ નષ્ટ થતું. તેમના વૈદુષ્યપૂર્ણ અને ચમત્કારી વચનોથી કેટલાક મહારાજાઓ પણ ભગવાન શ્રીસ્વામિનારાયણના આશ્રિત થયા. અનેકવિધ ઐશ્વર્યપ્રદર્શનની સાથોસાથ સ્વામીજીએ પોતાની કૃપા પ્રદર્શિત કરી કેટલાક સંસ્કૃત ગ્રંથોનું નિર્માણ કર્યું. વચનામૃત જેવા ગહન સત્શાસ્ત્રનું

સંપાદન કર્યું. બોટાદમાં ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરણારવિંદ અને સાળંગપુરમાં શ્રીકષ્ટભંજનદેવ જેવી અનેક પ્રત્યક્ષ ચમત્કારી મૂર્તિઓને પ્રતિષ્ઠિત કરી. જો એમના ચમત્કારોનું વર્ણન લખવા જઈએ તો મહાભારતથી પણ મોટો ગ્રંથ આલેખિત થાય પરંતુ સંક્ષિપ્તમાં કહીએ તો તેમના શ્રીચરણોથી જે જે ભૂમિ અંકિત થઈ ત્યાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ સ્થિર થઈ અને દુઃખ, અશાંતિ તથા દરિદ્રતા ત્યાંથી સંપૂર્ણપણે નાશ પામ્યા. શ્રીહરિના તિરોધાન પછી સંપ્રદાયનું બંધારણ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીએ નિશ્ચિત કર્યું. સર્વજનોને યથાર્થ માર્ગદર્શન આપતા થકા અને ભગવાન શ્રીસ્વામિનારાયણનું પ્રતિનિધિત્વ કરતા થકા તેઓએ ઉદ્ધવ સંપ્રદાયનો (સ્વામિનારાયણ સંપ્રદાયનો) કલ્પનાતીત વિકાસ કર્યો. માટી અને પથ્થરોથી બનેલા મંદિરોની જગ્યાએ મનુષ્યોના મનમાં ભક્તિરૂપ

સિંહાસનમાં શ્રીહરિને પ્રતિષ્ઠિત કરી તેઓએ તમામનું ધ્યાન સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોની તરફ આકર્ષિત કર્યું. ભગવાન શ્રીહરિએ આપેલા ઉત્તરદાયિત્વને યથાર્થરૂપથી નિભાવતા થકા વિક્રમ સંવત્ ૧૯૦૮ના વૈશાખ વદ પંચમીને દિવસે વરતાલમાં પાંચ ભૌતિક દેહનો ત્યાગ કર્યો અને ભગવાન શ્રીસ્વામિનારાયણની જેમ જ સત્સંગમાં પ્રત્યક્ષ રૂપથી નિવાસ કર્યો. આજે પણ તેમનું પ્રત્યક્ષત્વ સત્સંગ સમાજમાં સર્વત્ર સર્વદા દષ્ટિગોચર થાય છે.

## શ્રીકષ્ટભંજનદેવનો મહિમા

સ.ગુ. શ્રીગોપાળાનંદ સ્વામી એક વાર બોટાદ પધાર્યા. તેમના દર્શન માટે સાળંગપુરના વાઘાખાચર બોટાદ ગયા. સાષ્ટાંગ પ્રણામ કરીને જ્યારે તે સ્વામી પાસે બેઠા તો સ્વામીજીએ સહજ સ્વભાવે પ્રશ્ન કર્યો કે કુશલ મંગળ તો છે ને ? સ્વામીશ્રીનો પ્રશ્ન સાંભળી વાઘાખાચરના મુખ પર ચિંતાઓની રેખાઓ ખેંચાણી. તેઓએ સ્વામીશ્રીને અતિદીન સ્વરે પ્રાર્થના કરી કે સ્વામીજી ! પાછલા ત્રણ વર્ષોથી દુકાળ પડે છે તેથી આર્થિક પરિસ્થિતિઓ ઘણી નાજુક થઈ ગઈ છે અને અમારી આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંતો સાળંગપુર તો આવે છે પરંતુ રોકાતા નથી. તેથી સત્સંગનો પણ દુકાળ થયો છે. શ્રીજીના પ્રસાદીભૂત સાળંગપુરની આ દશા સાંભળી દયાળુ સંતનું હૃદય પીગળી ગયું. તેઓએ વાઘાખાચરને કહ્યું કે હું તમને એક ભાઈ આપુ છુ જેનાથી તમારી બધી જ સમસ્યાઓનું સમાધાન થઈ જશે. વાઘાખાચર આ વાતમાં કંઈ

સમજ્યા નહિ તેથી સ્વામીશ્રી ફરી બોલ્યા કે બધા કષ્ટોનું ભંજન કરવાવાળા હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા હું સાળંગપુરમાં કરી દઉં છું. જેનાથી તમારા કષ્ટો સર્વદા માટે મટી જશે. આ વાત સાંભળીને વાઘાખાચર ભાવવિભોર થઈ ગયા અને સ્વામીશ્રીના ચરણોમાં પોતાનુ મસ્તક મુકી પોતાને અતિધન્ય માનવા લાગ્યા. ત્યારપછી સ્વામીશ્રીએ સ્વયં હનુમાનજીની મૂર્તિનું ચિત્ર તૈયાર કરીને શિલ્પકાર કાનજી મિસ્ત્રીને કહ્યું કે આવી મૂર્તિ તમે શીઘ્ર જ તૈયાર કરો. આ તરફ મૂર્તિનું કામ અને પેલી તરફ સાળંગપુરમાં મંદિરનું કામ ચાલુ થયું. પરમ ઐશ્વર્યમૂર્તિ સ.ગુ. શ્રીગોપાળાનંદસ્વામીના સંકલ્પથી જે કાર્ય થઈ રહ્યુ હોય તેમાં કયુ વિઘ્ન આવી શકે ? મૂર્તિ અને મંદિર તૈયાર થતાં જ સંવત્ ૧૯૦૫ ના આસો વદ-૫ ને દિવસે શાસ્ત્રોક્તવિધિથી મહાન પ્રતિષ્ઠોત્સવપૂર્વક શ્રીકષ્ટભંજનદેવની પ્રતિષ્ઠા થઈ. પ્રતિષ્ઠા સમયે સ્વામીશ્રીએ હનુમાનજી મહારાજનું આવાહ્ન કર્યું. હનુમાનજી મહારાજનો મૂર્તિમાં પ્રવેશ

થતાં જ મૂર્તિ કાંપવા લાગી ત્યારે સ્વામીશ્રીએ હનુમાનજીને કહ્યું કે અહીંયા ભગવાન શ્રીસ્વામિનારાયણની નિશ્રા અને આપની શરણમાં જે મનુષ્યો પોતાના કોઈ પણ પ્રકારના દુઃખો લઈને આવે તેના દુઃખો તમો દૂર કરજો અને તેમને સુખી કરજો.

ત્યારપછી સ્વામીશ્રીએ પોતાની પાસે જે યષ્ટિકા (ટેકા માટેની લાકડી) હતી તે આપીને કહ્યું કે જ્યારે કોઈ પણ પ્રકારથી ઉપદ્રવો દૂર ના થાય ત્યારે આ યષ્ટિકાથી સ્પર્શિત જળ છાંટવાથી તુરત જ ઉપદ્રવ શાંત થઈ જશે. સમયચક્ર ફરતુ રહ્યું. સમય પસાર થતો રહ્યો પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આજે પણ કષ્ટભંજનદેવ સાળંગપુરમાં પ્રત્યક્ષ બિરાજમાન છે અને જે કોઈ પણ દીનદુઃખી આવે છે તેની પીડા દૂર કરે છે. અહીંયા મનુષ્યો રોતા રોતા આવે છે અને ભગવાન શ્રીસ્વામિનારાયણ અને હનુમાનજી મહારાજના પ્રતાપથી હસતા હસતા જાય છે. અહીંયા કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના બધાના કષ્ટોનું નિવારણ થાય

છે. આજે સંપૂર્ણ સંસારમાં સાળંગપુર નિવાસી કષ્ટભંજનદેવનો મહિમા સુવિદિત છે. આ મહિમાને કર્ણ પરંપરાથી સાંભળીને અનેક જાત-પાતના લોકો અહીં આવે છે અને સુખી થાય છે. અહીંયા આવવા વાળા શ્રદ્ધાળુ યાત્રિકો માટે રોકાવાની તથા ભોજનાદિકની વ્યવસ્થા સારી રીતે કરવામાં આવે છે. જીવનમાં પ્રારબ્ધવશ અથવા તો કોઈ કારણોસર આવેલું દુઃખ અહીં નિવૃત્ત થાય છે. જ્યારે કોઈ પણ મનુષ્ય દુઃખ નિવૃત્તિ માટે અહીં આવે છે ત્યારે તેમને જે પાઠ કરવા આપવામાં આવે તેની સુગમતા માટે અહીંયાથી એક નાની પુસ્તિકા સાથે આપવામાં આવે છે.

પાઠકગણને નમ્ર નિવેદન છે કે કષ્ટભંજનદેવની મહિમાનું જેટલુ ગાન કરીએ તેટલુ અલ્પ જ રહેશે. આથી પોતાના જીવનમાં અથવા તો પોતાના પરિવાર કે મિત્રમંડળમાં જ્યારે કોઈને કોઈ પણ પ્રકારની આપત્તિ આવે ત્યારે સંકોચ વિના કષ્ટભંજનદેવના શરણમાં આવી આ પ્રત્યક્ષ દેવનો જાત અનુભવ કરો.

## ભક્તચિંતામણિનું ૧૪૨મું પ્રકરણ
## (શ્રીગોપાળાનંદ સ્વામીનું પરચા પ્રકરણ)

### : પૂર્વછાયો :

અનુપ ઈડર દેશમાં, ધન્ય ધન્ય ટોડલા ગામ ॥
ધન્ય ધન્ય દ્વિજની જાતિને, જ્યાં ઊપન્યા ભક્ત અકામ ॥૧॥
યોગી પૂર્વ જન્મના, જેને વા'લા સંગે અતિ વા'લ ॥
પ્રભુ સંગાથે પ્રકટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ ॥૨॥
શમદમાદિ સાધને પૂરા, તપસી ત્યાગી તન ॥
જાણે યોગ અષ્ટાંગને, પૂરણ સિદ્ધ પાવન ॥૩॥
બાળપણામાં વાત બીજી, રુચિ નહિ જેને રંચ ॥
અતિ અભાવ અંગ વર્તે, પેખીને વિષય પંચ ॥૪॥

### : ચોપાઈ :

એવા ભક્ત તે ખરા ખુશાલ, જેને ન ગમી સંસારી ચાલ ॥
બાળપણામાં રાચ્યા ભજને, બીજું કાંઈ ગમ્યું નહિ મને ॥૫॥
એમ કરતાં થયો સતસંગ, ચઢ્યો અતિ ચિત્તે તેનો રંગ ॥
આવી અંગમાં ખરી ખુમારી, ઊતરે નહિ કેની ઉતારી ॥૬॥

કરે ધ્યાન મહારાજનું નિત્ય, અતિ પ્રકટ પ્રભુમાં પ્રીત્ય ॥
એમ કરતાં કાંઈક દન, થયો પ્રકાશ પોતાને તન ॥૭॥
કોટિ કોટિ સૂરજ સમાન, છાયો તેજે જમી અસમાન ॥
તેમાં કડાકા થયા છે ત્રણ, માન્યું લોકે આવ્યું આજ મરણ ॥૮॥
આ તો પ્રલય થવાની પેર, એમ કહેવા લાગ્યા ઘેરોઘેર ॥
તેહ કડાકા ને તેજ તેહ, ષટ્ જોજને જણાણું એહ ॥૯॥
જોઈ આશ્ચર્ય પામિયાં લોક, વધ્યો આનંદ થયાં અશોક ॥
તે પ્રતાપ શ્રી મહારાજ તણો, શું કહીએ મુખથી ઘણો ઘણો ॥૧૦॥
વળી એક દિવસની વાત, કહું વર્ણવી વળી વિખ્યાત ॥
કરતાં ભજન મહારાજ તણું, તનભાન ભૂલ્યા છે આપણું ॥૧૧॥
થઈ નિરાવરણ નિજ વૃત્તિ, દીઠા રાતમાં રાંદલપતિ ॥
થયો તેનો અતિશે પ્રકાશ, હુવો અંતરતમનો નાશ ॥૧૨॥
તે પણ પ્રભુતણો પરતાપ, એમ ખુશાલે માન્યું છે આપ ॥
પછી જેવું ચિંતવે જે વારે, થાય તેવાનું તેવું જ ત્યારે ॥૧૩॥
તે તો જાણે લોક પ્રસિદ્ધ, કહે આ તો મહા મોટા સિદ્ધ ॥
એમ જને મન જ્યારે જાણ્યું, તેવા સમામાં વર્ષાતે તાણ્યું ॥૧૪॥

ત્યારે સર્વે આવી લાગ્યા પાય, કહે કરો વૃષ્ટિ દુઃખ જાય ॥
મનુષ્ય પશુ પીડાય અત્યંત, આવ્યા અરજે અમે પીડાવંત ॥૧૫॥
માટે મોટા કરો તમે મહેર, કરો વર્ષાદ તો જાયે ઘેર ॥
એવી સાંભળી લોકની વાણી, સમર્યા ખુશાલે સારંગપાણિ ॥૧૬॥
કરે સ્તવન મનના દયાળ, આવ્યો વર્ષાત ત્યાં તતકાળ ॥
વૂઠો ત્રણ્ય દન લગી તેહ, કાળા ઉનાળા જેવામાં મેહ ॥૧૭॥
લોક આવી લાગ્યા પછી પાય, કહે ધન્ય ધન્ય દ્વિજરાય ॥
તમ જેવો નહિ જગમાંય, તમારે સહજાનંદ સહાય ॥૧૮॥
માન્યો પરચો મનુષ્યે મળી,વળી વાત બીજી લ્યો સાંભળી ॥
પોત્યે પંડ્યા થૈ માંડી નિશાળ, આવ્યાં ભણવા નાના બાળ ॥૧૯॥
તેને ભણાવે છે થોડું ઘણું, કરાવે ભજન હરિતણું ॥
કરતાં બાળક સ્વામીનું ધ્યાન, સર્વે થયાં છે સમાધિવાન ॥૨૦॥
કરે અલૌકિક આવી વાત, સુણી સહુ થાય રળિયાત ॥
પછી ખુશાલ કહે સુણો બાળ, મારે જાવું જ્યાં હોય દયાળ ॥૨૧॥
ત્યારે બાળકે જોડિયા હાથ, તમને તેડવા આવે છે નાથ ॥
ધરી દ્વિજનું રૂપ મહારાજ, તે તો આવે છે તમારે કાજ ॥૨૨॥

પછી આવ્યા નાથ સાથે ચાલ્યા, વાટે અન્ન જળ વા'લે આલ્યા ॥
આવ્યા જેતલપુર લગી સાથ, પછી અદશ્ય થયા છે નાથ ॥૨૩॥
હતા જેતલપુરમાં સ્વામી, નીરખ્યા ખુશાલે અંતરજામી ॥
કહી વાટની વાત ખુશાલે, હસી સાંભળી સરવે વાલે ॥૨૪॥
કહે નાથ બ્રાહ્મણને ભાળી, ભાઈ તું છો મોટો ભાગ્યશાળી ॥
થયો પરચો તને એ જાણે, બીજી વાત મનમાં મ આણે ॥૨૫॥
ત્યારે બ્રાહ્મણ કહે મહારાજ, હું તો આવ્યો છું ભણવા કાજ ॥
ત્યારે નાથ કહે ઘણું સારું, એમાં ગમતું ઘણું અમારું ॥૨૬॥
પછી ખુશાલ સંતમાં રહ્યા, એક સમે વડોદરે ગયા ॥
તિયાં સતસંગી રહે બહુ, કરે સ્વામીનું ભજન સહુ ॥૨૭॥
એક દ્વિજ સદાશિવ નામે, નિત્ય ખુશાલને કર ભામે ॥
આવી નિત્ય જમો મારે ઘેર, મારે છે શ્રીમહારાજની મહેર ॥૨૮॥
જિયાં લગી રહો તમે આંઈ, બીજે જમવા ન જાવું ક્યાંઈ ॥
પછી ખુશાલ જમવા ગયા, આવ્યા નાથ જમવાને તિયાં ॥૨૯॥
ત્યારે સદાશિવ લાગ્યો પાય, નીરખી નાથ તૃપત ન થાય ॥
પછી સુંદર કરાવ્યો થાળ, જમ્યા દયા કરીને દયાળ ॥૩૦॥

સદાશિવ વળી એની નાર, દેખે બીજા ન દેખે લગાર ॥
પણ જમતાં જાણે સહુ જન, થાય અર્ધું જે હોય ભોજન ॥૩૧॥
શાક પાક ધર્યું હોય થાળે, થાય ઓછું તે સરવે ભાળે ॥
જળનો હોય જે આબખોરો, પિવે નાથ તે થાય અધૂરો ॥૩૨॥
હોય મુખવાસ આગે મેલ્યો, આપે નાથ તે પાછો જમેલો ॥
આપે જમેલ પાછી સોપારી, જોઈ આશ્ચર્ય થાય નરનારી ॥૩૩॥
એમ માસ લગી અહોનિશ, જમ્યા હરિ ખુશાલ હમેશ ॥
જ્યારે જ્યારે જમે જ્યાં ખુશાલ, ત્યારે ત્યારે જમે સંગે લાલ ॥૩૪॥
જમે જન હાથે નાથ નિત્યે, તે તો ખુશાલ ભક્તની પ્રીત્યે ॥
એમ ખુશાલ વિપ્રને વળી, પૂર્યા પરચા બહુ નાથ મળી ॥૩૫॥
હતા આપે તે વૈરાગ્યવંત, સંસારથી ઉદાસી અત્યંત ॥
પછી ધાર્યો છે ધાર્મિક યોગ, તજી ભવતણા વૈભોગ ॥૩૬॥
ધર્યું નામ તે ગોપાળાનંદ, થયા યોગેશ્વર જગવંદ ॥
ફરે દયાળુ સરવે દેશ, આપે મુમુક્ષુને ઉપદેશ ॥૩૭॥
કર્યા મહારાજે મોટેરા બહુ, માને મોટા મુનિવર સહુ ॥
એક દિવસ લઈ મંડળી, આવ્યા વડોદરા માંહી વળી ॥૩૮॥

તિયાં સતસંગી આવ્યા સાંભળી, લાગ્યા પાય સહુ લળીલળી ॥
મોટાં ભાગ્ય જાય નહિ કહીએ, આવ્યા તમે અષ્ટમી સમૈયે ॥૩૯॥
કરો ઉત્સવ આણી હુલાસ, બાંધો હિંડોળો કહે એમ દાસ ॥
ત્યારે ગોપાળ સ્વામી કહે સારું, કરશે હરિ ગમતું તમારું ॥૪૦॥
ત્યાં તો આવ્યો અષ્ટમીનો દન, કર્યું વ્રત સહુ મળી જન ॥
બાંધ્યો હિંડોળો હરિને કાજ, આવી ઝૂલ્યા પ્રકટ મહારાજ ॥૪૧॥
સારી સુંદર મૂરતિ શોભે, જોઈ જોઈ જન મન લોભે ॥
નીરખી હરખિયાં સહુ જન, કરે સહુ સાથ ધન્ય ધન્ય ॥૪૨॥
આજ અલૌકિ દર્શન દીધાં, તમે અમને કૃતાર્થ કીધાં ॥
તિયા સતસંગી કુસંગી હતા, દીઠા પ્રકટ સહુએ ઝૂલતા ॥૪૩॥
ઝુલ્યા હિંડોળે ઘડી બે ચાર, પછી ન દીઠા તે નિરધાર ॥
સહુ રહ્યાં છે આશ્ચર્ય પામી, કહે ધન્ય સહજાનંદ સ્વામી ॥૪૪॥
આપ્યો પરચો પ્રભુજી આપે, સ્વામી ગોપાળાનંદને પ્રતાપે ॥
વળી ગોપાળાનંદ સ્વામીને, પૂર્યો પરચો કહું કરભામીને ॥૪૫॥
એક સમે નાવે વરસાત, મરે મનુષ્ય થાય ઉતપાત ॥
શોધ્યે શહેરમાં ન મળે અન્ન, પડ્યો કાળ કહે સહુ જન ॥૪૬॥

પછી સતસંગી સર્વે મળી, આવ્યા જ્યાં હતી મુનિ મંડળી ॥
બેઠા ગોપાળ સ્વામીને પાસ, કહે નથી જીવવાની આશ ॥૪૭॥
મરે શહેરમાં મનુષ્ય બહુ, અન્ન વિના પીડાય છે સહુ ॥
દેતા દામ મળે નહિ અન્ન, કહો કેમ કરી જીવે જન ॥૪૮॥
માટે સ્તુતિ પ્રભુ પાસે કરીએ, થાય મેઘ તો અમે ઊગરિયે ॥
કહે ગોપાળ સ્વામી દયાળ, કરો ભજન સર્વે મરાળ ॥૪૯॥
બેઠા ભજને ઘડી બે-ચાર, આવ્યો મેઘ થયો જેજેકાર ॥
વૂઠો ત્રણ્ય દન લગી ઘન, કાળા ઉનાળામાં રાત દન ॥૫૦॥
સતસંગી કુસંગિયે જાણ્યું, થયો પર્ચો સહુએ પ્રમાણ્યું ॥
લાગ્યા ગોપાળ સ્વામીને પાય, ધન્ય ધન્ય તમે મુનિરાય ॥૫૧॥
બોલ્યા ગોપાળ સ્વામી તે પ્રત્યે, જે થયું તે શ્રીજીની સામર્થ્યે ॥
બીજા થકી તે કાંઈ ન થાય, ઠાલો ભૂલો ફોગટ ફુલાય ॥૫૨॥
એમ પરચા હું કેટલાં કહું, થયા ગોપાળ સ્વામીને બહુ ॥
કહેતાં લખતાં ન આવે પાર, કહે નિષ્કુળાનંદ નિરધાર ॥૫૩॥

**ઈતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રી સહજાનંદસ્વામી શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને પરચા પૂર્યા એ નામે એકસોને બેંતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૨॥**

## શ્રીકષ્ટભંજન દેવની આરતી

જય કપિ બળવંતા, પ્રભુ જય કપિ બળવંતા,
સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા
...જય કપિ૦ ૧
પ્રૌઢ પ્રતાપ પવન સુત, ત્રિભુવન જયકારી; (૨)
અસુર રિપુ મદ ગંજન, ભય સંકટ હારી
...જય કપિ૦ ૨
ભૂત પિશાચ વિકટ ગ્રહ, પીડત નહિ જંપે; (૨)
હનુમંત હાક સુણીને, થર થર થર કંપે
...જય કપિ૦ ૩
રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિ ભારી; (૨)
સીતા શોધ લે આયે, કપિ લંકા જારી
...જય કપિ૦ ૪
રામ ચરણ રતિ દાયક, શરણાગત ત્રાતા; (૨)
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત ફળદાતા
...જય કપિ૦ ૫

# શ્રીહનુમત્સ્તોત્ર તથા મંત્ર

નમસ્ત આંજનેયાય વાયુપુત્રાય ધીમતે,
રામદૂતાય મહતે સુગ્રીવસચિવાય ચ. (૧)
નમોઽસ્તુ તે મહાવીર ! મહાબલપરાક્રમ !
વૈરિભીષણરૂપાય રાવણત્રાસદાયિને. (૨)
નમો હરાવતારાય શિલાવૃક્ષાયુધાય ચ,
રક્ષઃ સૈન્યવિમર્દાય નમસ્તુભ્યં યશસ્વિને. (૩)
નમો હનુમતે તુભ્યં લંકાનગરદાહિને,
દશગ્રીવસુતઘ્નાય સીતાશોકવિનાશિને. (૪)
નમોઽસ્તુ તે મહાયોગિન્ ! સદા શુદ્ધાન્તરાત્મને,
સીતારામાતિહૃદ્યાય નમસ્તે ચિરજીવિને. (૫)
નમઃ કપીન્દ્ર ! તે નિત્યં સર્વરોગવિનાશિને,
ભૂતપ્રેતપિશાચાદિ ભયવિદ્રાવણાભિધ ! (૬)
નમસ્તુભ્યં રામભદ્રપુરુપ્રેષ્ઠાય ભૂયસે,
નમોઽતિસ્થૂલરૂપાય સૂક્ષ્મરૂપધરાય ચ. (૭)
નમોઽખિલભયઘ્નાય નિર્ભયાય મહાત્મને,
બાલાર્કદ્યુતિદેહાય મુષ્ટિપ્રહરણાય ચ. (૮)

નમો લંકેશ્વરોદ્યાનભંગવિત્રાસિતાસ્રપ,
રામનામાનુરકતાય લક્ષ્મણપ્રાણદાય તે. (૯)
નમસ્તે વિશ્વવન્દ્યાય વિજયાય વરીયસે,
ભકતસંકટસંહર્ત્રે ધર્મનિષ્ઠાય જીષ્ણવે. (૧૦)
નમો નૈષ્ઠિકવર્યાય વિજનારણ્યવાસિને,
ભકતાભીષ્ટપ્રદાત્રે ચ પાંડવપ્રિયકારિણે. (૧૧)
નમો ધર્મારિનાશાય વિમલાય ચ ભાસ્વતે,
નિત્યં રામાયણકથાશ્રવણોત્સુકચેતસે. (૧૨)
નમો ધાર્મિકસેવ્યાય બ્રહ્મણ્યાય સુરાર્ચિત,
તુભ્યં બૃહદ્વ્રતપ્રેષ્ઠ ! સર્વ પાપાપહારિણે. (૧૩)
નમો દારિદ્ર્યદુઃખઘ્ન ! મારુતે ! બંધખંડન,
સુખદાય શરણ્યાય નમસ્તે ઋષિવૃત્તાયે. (૧૪)
નમો વરદ ! તે નિત્યં રામધ્યાનાદ્યનાકુલ !
સુખારાધ્ય ! દુરારાધ્ય ! નમસ્તે દિવ્યરૂપિણે. (૧૫)
નમોઽર્કપુષ્પહારાય તુભ્યં મામભયં કુરુ,
દર્શનં દેહિ સાક્ષાત્તો નમસ્તે સર્વદર્શિને. (૧૬)

(આ સ્તોત્રના દરેક શ્લોકમાંથી અનુક્રમે પહેલો, બીજો, ત્રીજો એમ એક અક્ષર લેતાં નીચે મુજબનો મંત્ર થાય છે.)

**ૐ નમો હનુમતે ભયભંજનાય**
**સુખં કુરુ ફટ્ સ્વાહા**

જ્યારે કોઈપણ પ્રકારની પીડા આવી પડે ત્યારે પ્રથમ શ્રીહનુમાનજીનું યથાવિધિ પૂજન કરી, ધ્યાન કરી પછી એકાગ્ર મનથી અર્થાનુસંધાનપૂર્વક ઉપરના સ્તોત્રનો પાઠ કરવો. પછી સ્તોત્રમાંથી કાઢેલ ષોડશાક્ષર મંત્રનો દશ હજાર વાર જપ કરવો અને ત્યારબાદ હનુમત્સ્તોત્ર (નીતિપ્રવીણ નિગમાગમ)નો એક પગે ઊભા રહીને પાઠ કરવો. એ પ્રમાણે એક માસ કરવાથી ગમે તે કષ્ટ હોય નિવૃત્ત થાય છે અને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે.

**॥ ઈતિ શ્રીશતાનંદમુનિ વિરચિતં શ્રીહનુમત્સ્તોત્રમ્ ॥**

## શ્રીહનુમત્સ્તોત્ર (શતાનંદમુનિકૃત)

નીતિપ્રવીણ ! નિગમાગમશાસ્ત્રબુદ્ધે !
રાજાધિરાજરઘુનાયકમન્ત્રિવર્ય !
સિન્દુરચર્ચિતકલેવર નૈષ્ઠિકેન્દ્ર
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટં મે ॥૧॥
સીતાનિમિત્તજરઘુત્તમભૂરિકષ્ટ-
પ્રોત્સારણેકકસહાય હતાસ્ત્રપૌઘ !
નિર્દગ્ધયાતુપતિહાટકરાજધાને ! શ્રીરામદૂત૦ ॥૨॥
દુર્વાર્યરાવણવિસર્જિતશક્તિઘાત-
કંઠાસુલક્ષ્મણસુખાહૃતજીવવલ્લે !
દ્રોણાચલાનયનનન્દિતરામપક્ષ ! શ્રીરામદૂત૦ ॥૩॥
રામાગમોક્તિતરિતારિતબંધ્વયોગ-
દુઃખાબ્ધિમગ્નભરતાર્પિતપારિબર્હ !
રામાંઘ્રિપદ્મમધુપી ભવદન્તરાત્મન્ ! શ્રીરામદૂત૦ ॥૪॥

વાતાત્મકેસરિમહાકપિરાટ્ તદીય-
ભાર્યાંજનીપુરુતપઃફલપુત્રભાવ !
તાર્ક્ષ્યોપમોચિતવપુર્બલતીવ્રવેગ ! શ્રીરામદૂત૦ ।।૫।।
નાનાભિચારિકવિસૃષ્ટસવીરકૃત્યા-
વિદ્રાવણારુણસમીક્ષણદુઃપ્રધર્ષ્ય !
રોગઘ્નસત્સુતદવિત્તદમન્ત્રજાપ ! શ્રીરામદૂત૦ ।।૬।।
યન્નામધેયપદકશ્રુતિમાત્રતોપિ
યે બ્રહ્મરાક્ષસપિશાચગણાશ્ચભૂતાઃ ।
તે મારિકાશ્ચસભયં હ્યપયાન્તિ સત્વં ! શ્રીરામદૂત૦ ।।૭।।
ત્વં ભક્તમાનસસમીપ્સિતપૂર્તિશક્તો
દીનસ્ય દુર્મદસપત્નભયાર્તિભાજઃ ।
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ ! શ્રીરામદૂત૦ ।।૮।।

**ઈતિ શ્રીશતાનંદમુનિ વિરચિતં**
**શ્રી હનુમત્સ્તોત્રમ્ સમાપ્તમ્ ।।**

## શ્રીમારુતિસ્તોત્ર (મુક્તાનંદસ્વામીકૃત)

નીતિપ્રવીણ સબે નિગમાગમ,
શાસ્ત્રમેં બુદ્ધિ રુ બંકે અપારા,
શ્રી રઘુનાથકે મંત્રી અનુપ હો,
તાહિતે રામકું પ્રાણસે પ્યારા,
પ્રૌઢ શરીર સિંદૂરસે સોહત,
નૈષ્ઠિકકે મધ્ય ઈન્દ્ર ઉદારા,
શ્રી રઘુવીરકે દૂત મહાબલ,
કષ્ટ હરો હનુમાન હમારા. (૧)
જાનકી કારણ શ્રી રઘુનાથકે,
અંતરમેં ભયો કષ્ટ અનંતા,
તારન તાહી સહાયક એક,
હને મનુજાદ મહા બલવંતા,
જારી નિશાચર નાથકી લંકા,
મહાસિદ્ધ ખૂબ પ્રશંસત સંતા,
શ્રી રઘુવીરકે દૂત મહાબલ,
સંકટ મોર હરો હનુમંતા. (૨)

રાવણકે સુત શક્તિ ચલાઈ સો,
આઈ લગી અતિશે દુ:ખકારી,
કંઠમેં પ્રાન રામાનુજકે હિત,
લાયે સંજીવની ઔષધિ ભારી,
લાયે ઉઠાઈ દ્રૌણાચલ વેગસે,
રામકે પક્ષકી પીર સો ટારી,
શ્રી રઘુવીરકે દૂત મહાબલ,
પીડા હરો હનુમાન હમારી. (૩)
શ્રી રઘુનાથકે આગમકી સો,
વધાઈ લે ભર્તકું વેગ સુનાઈ,
રામવિયોગ મહાદુ:ખસાગર,
ડુબત ભર્તસે મોજ હું પાઈ,
જાનકીનાથકે અંધ્રિસરોજમેં,
ભૃંગજ્યું જાસ મતિ લપટાઈ,
શ્રી રઘુનાથકે દૂત મહાબલ,
સંકટમેં રહો મોર સહાઈ. (૪)

વાયુસ્વરૂપ જો કેસરી બાનર,
માનની તાસ સો અંજની નામા,
તાસ મહાતપરૂપ ભયો સુત,
વાયુકુમાર અતિ અભિરામા,
વેગ ખગેશ સમાન વપુ દ્દઢ,
વજ્ર કે અંગ અતિ બલધામા,
શ્રી રઘુવીરકે દૂત હરો સબ,
સંકટમેં મોય કરો નિષ્કામા. (૫)
બહુત પ્રકારકી ડાકિની શાકિની,
ભૈરવ ભૂત અતિ બિકરાળા,
કૃત્યા વીર પિશાચ નિશાચર,
જાહિકું દેખી ડરે તતકાળા,
જ્યાહિકો મંત્ર જપે સુત વિત્તાદ,
ટારત તાપરૂ રોગ બિશાળા,
શ્રી રઘુવીરકે દૂત સદા મમ,
કષ્ટ હરો હનુમંત કૃપાળા. (૬)

જયાહિકો નામ સુનિકે તત્ક્ષણ,
ભાગત હૈ બ્રહ્મ રાક્ષસ ઘોરા,
જયાકે પ્રતાપસે પ્રેત નિશાચરુ,
ભાગત ભૂત કબંધ કઠોરા,
જયાકે પ્રતાપસે ડરે સબ ડાકિની,
જોગની જાદુ ભગે ચહું દૂરા,
શ્રી રઘુવીરકે દૂત મહાબલ,
હે હનુમંત હરો દુઃખ મોરાં. (૭)
આપકે ભક્ત અનન્ય હે તાહીકે,
બાંછિત કામકે પૂરન હારા,
દુર્બલ દીન રિપુભય વ્યાકુલ,
તાહિકે હો તુમ ઈષ્ટ ઉદારા,
વાંછિત મોર સો દેહુ દયાનિધિ,
વંદત હું તોય બારહી બારા,
શ્રી રઘુવીરકે દૂત મહાબલ,
કષ્ટ હરો હનુમંત હમારાં. (૮)

હાક સુને જબહી તુમરી તબ,
રાક્ષસકી ત્રિય ગર્ભકું ત્યાગે,
જંત્ર રુ મંત્ર કે જાન જાદુગર,
નામ તુમારા સુની ડરી ભાગે,
તાહિતે સંકટ નાશ કરો કહે,
મુક્ત સદા પ્રભુસો અનુરાગે,
શ્રી રઘુવીરકે દૂત મહાબલ,
હે હનુમંત એહી વર માગે (૯)
યહ અષ્ટક જો પઢે તાસ સબ સંકટ નાસે
રામદૂત હનુમંત સદા દગ આગે ભાસે
વિઘન હોત સબ નાશ મગન હોય હરિ ગુન ગાવે ।
પાપ પુંજ સબ ટરત બહોરી ભવમેં નહિ આવે ॥
ધન ધાન્ય પુત્ર સંપત્તિ બઢે કૃષ્ણ ચરણ રતિ પાવહી ।
મુનિ મુક્ત કહે સો ભક્ત કે સંકટ નિકટ ન આવહી ॥

**॥ ઈતિ શ્રીમુક્તાનંદમુનિ પ્રણીતં મારુતિસ્તોત્રં સમાપ્તમ્ ॥**

## જનમંગલ સ્તોત્રમ્

નમોનમઃ શ્રીહરયે બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માંગજાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ।।૧।।
સુગંધપુષ્પહારાદ્યૈ ર્વિવિધૈરુપહારકૈઃ ।
સંપૂજીતાય ભક્તૌઘૈઃ સિતામ્બરધરાય ચ ।।૨।।
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સિતામ્ ।
સદ્યઃફલપ્રદં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ।।૩।।

અસ્ય શ્રીજનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશતનામ
સ્તોત્રમન્ત્રસ્ય શતાનન્દ ઋષિઃ । અનુષ્ટુપ છંદઃ ।
ધર્મનન્દનઃ શ્રીહરિર્દેવતા । ધાર્મિક ઈતિ બીજમ્ ।
બૃહદ્‌તધર ઈતિ શક્તિઃ ।
ભક્તિનંન્દન ઈતિ કીલકમ્ ।
ચતુર્વર્ગસિદ્ધયર્થે જપે વિનિયોગઃ ।।

## અથ ધ્યાનમ્

વર્ણિવેષરમણીય દર્શનં મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ।।૪।।

શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજોડજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ।।૫।।
હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનન્દનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ।।૬।।
મરુત્સુતપ્રિયઃ કાલીભૈરવાદ્યતિભીષણઃ ।
જીતેન્દ્રિયો જીતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ।।૭।।
યોગેશ્વરો યોગકલાપ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૌર્થિકાર્ચિતઃ ।।૮।।
ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપઃપ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃ સ્વતંત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ।।૯।।
પાષંડોચ્છેદનપટુઃ સ્વસ્વરુપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિર્નિર્દોષોડસુરગુર્વાદિમોહનઃ ।।૧૦।।
અતિકારુણ્યનયન ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ।।૧૧।।

અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥
સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃસમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥૧૩॥
પ્રકાશરૂપો નિર્દમ્ભઃ સર્વજીવહિતાવહઃ ।
ભક્તિસમ્પોષકો વાગ્મી ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥
નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાતિપાવનઃ ।
અબુદ્ધિહૃદ્બ્રહ્મધામદર્શકશ્ચાપરાજિતઃ ॥૧૫॥
આસમુદ્રાન્તસત્કીર્તિઃ શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનંદઃ સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥૧૬॥
કન્દર્પદર્પદલનો વૈષ્ણવક્રતુકારકઃ ।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥
પ્રગલ્ભો નિઃસ્પૃહઃસત્યપ્રતિજ્ઞોભક્તવત્સલઃ ।
અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥

નિરહંકૃતિરદ્રોહ ઋજુઃ સર્વોપકારકઃ ।
નિયામકશ્ચોપશમસ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ।।૧૯।।
અજાતવૈરી નિર્લોભો મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ।।૨૦।।
મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ।।૨૧।।
સદાચારપ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।
સર્વમંગલસદ્રુપનાનાગુણવિચેષ્ટિતઃ ।।૨૨।।
ઈત્યેતત્ પરમં સ્તોત્રં, જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પઠેત્તોન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ।।૨૩।।
યઃ પઠેચ્છૃણુયાદ્ભકત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચ વા ।
એતત્તાસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ।।૨૪।।
એતત્ સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણપ્રસાદતઃ ।।૨૫।।

ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥
અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોઽપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ ન સંશયઃ ॥૨૭॥
દશાવૃત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટં સુખં ભવેત્ ।
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ॥૨૮॥

**ઈતિ શ્રીશતાનંદમુનિવિરચિતં શ્રીજનમંગલાખ્યં શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સમ્પૂર્ણમ્**

## જનમંગલ નામાવલી

૧. ૐ શ્રીકૃષ્ણાય નમઃ ।

૨. ૐ શ્રીવાસુદેવાય નમઃ ।

૩. ૐ શ્રીનરનારાયણાય નમઃ ।

૪. ૐ શ્રી પ્રભવે નમઃ ।

૫. ૐ શ્રીભક્તિધર્માત્મજાય નમઃ ।

૬. ૐ શ્રીઅજન્મને નમઃ ।

૭. ૐ શ્રીકૃષ્ણાય નમઃ ।

૮. ૐ શ્રીનારાયણાય નમઃ ।

૯. ૐ શ્રીહરયે નમઃ ।

૧૦ ૐ શ્રીહરિકૃષ્ણાય નમઃ ।

૧૧. ૐ શ્રીઘનશ્યામાય નમઃ ।

૧૨. ૐ શ્રીધાર્મિકાય નમઃ ।

૧૩. ૐ શ્રીભક્તિનન્દનાય નમઃ ।

૧૪. ૐ શ્રીબૃહદ્વ્રતધરાય નમઃ ।

૧૫. ૐ શ્રીશુદ્ધાય નમઃ ।

૧૬. ૐ શ્રીરાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ ।

૧૭. ૐ શ્રીમરુત્સુતપ્રિયાય નમઃ ।

૧૮. ૐ શ્રીકાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ ।

૧૯. ૐ શ્રીજીતેન્દ્રિયાય નમઃ ।

૨૦. ૐ શ્રીજિતાહારાય નમઃ ।

૨૧. ૐ શ્રીતીવ્રવૈરાગ્યાય નમઃ ।

૨૨. ૐ શ્રીઆસ્તિકાય નમઃ ।

૨૩. ૐ શ્રીયોગેશ્વરાય નમઃ ।

૨૪. ૐ શ્રીયોગકલાપ્રવૃત્તયે નમઃ ।

૨૫. ૐ શ્રીઅતિધૈર્યવતે નમઃ ।

૨૬. ૐ શ્રીજ્ઞાનિને નમઃ ।

૨૭. ૐ શ્રીપરમહંસાય નમઃ ।

૨૮. ૐ શ્રીતીર્થકૃતે નમઃ ।

૨૯. ૐ શ્રીતૈર્થિકાર્ચિતાય નમઃ ।

૩૦. ૐ શ્રીક્ષમાનિધયે નમઃ ।

૩૧. ૐ શ્રીસદોન્નિદ્રાય નમઃ ।

૩૨. ॐ શ્રીધ્યાનનિષ્ઠાય નમઃ ।

૩૩. ॐ શ્રીતપઃપ્રિયાય નમઃ ।

૩૪. ॐ શ્રીસિદ્ધેશ્વરાય નમઃ ।

૩૫. ॐ શ્રીસ્વતન્ત્રાય નમઃ ।

૩૬. ॐ શ્રીબ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ ।

૩૭. ॐ શ્રીપાષંડોચ્છેદનપટવે નમઃ ।

૩૮. ॐ શ્રીસ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ ।

૩૯. ॐ શ્રીપ્રશાન્તમૂર્તયે નમઃ ।

૪૦. ॐ શ્રીનિર્દોષાય નમઃ ।

૪૧. ॐ શ્રીઅસુરગુર્વાદિમોહનાય નમઃ ।

૪૨. ॐ શ્રીઅતિકારુણ્યનયનાય નમઃ ।

૪૩. ॐ શ્રીઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ ।

૪૪. ॐ શ્રીમહાવ્રતાય નમઃ ।

૪૫. ॐ શ્રીસાધુશીલાય નમઃ ।

૪૬. ॐ શ્રીસાધુવિપ્રપ્રપૂજકાય નમઃ ।

૪૭. ॐ શ્રીઅહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ ।

૪૮. ॐ શ્રીસાકારબ્રહ્મવર્ણનાય નમઃ ।
૪૯. ॐ શ્રીસ્વામિનારાયણાય નમઃ ।
૫૦. ॐ શ્રીસ્વામિને નમઃ ।
૫૧. ॐ શ્રીકાલદોષનિવારકાય નમઃ ।
૫૨. ॐ શ્રીસચ્છાસ્ત્રવ્યસનાય નમઃ ।
૫૩. ॐ શ્રીસદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ ।
૫૪. ॐ શ્રીકૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ ।
૫૫. ॐ શ્રીકૌલદ્વિષે નમઃ ।
૫૬. ॐ શ્રીકલિતારકાય નમઃ ।
૫૭. ॐ શ્રીપ્રકાશરૂપાય નમઃ ।
૫૮. ॐ શ્રીનિર્દમ્ભાય નમઃ ।
૫૯. ॐ શ્રીસર્વજીવહિતાવહાય નમઃ ।
૬૦. ॐ શ્રીભક્તિસંપોષકાય નમઃ ।
૬૧. ॐ શ્રીવાગ્મિને નમઃ ।
૬૨. ॐ શ્રીચતુર્વર્ગફલપ્રદાય નમઃ ।
૬૩. ॐ શ્રીનિર્મત્સરાય નમઃ ।

૬૪. ૐ શ્રીભક્તવર્મણે નમઃ ।
૬૫. ૐ શ્રીબુદ્ધિદાત્રે નમઃ ।
૬૬. ૐ શ્રીઅતિપાવનાય નમઃ ।
૬૭. ૐ શ્રીઅબુદ્ધિહ્રતે નમઃ ।
૬૮. ૐ શ્રીબ્રહ્મધામદર્શકાય નમઃ ।
૬૯. ૐ શ્રીઅપરાજીતાય નમઃ ।
૭૦. ૐ શ્રીઆસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ ।
૭૧. ૐ શ્રીશ્રિતસંસૃતિમોચનાય નમઃ ।
૭૨. ૐ શ્રીઉદારાય નમઃ ।
૭૩. ૐ શ્રીસહજાનન્દાય નમઃ ।
૭૪. ૐ શ્રીસાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ ।
૭૫. ૐ શ્રીકન્દર્પદર્પદલનાય નમઃ ।
૭૬. ૐ શ્રીવૈષ્ણવક્રતુકારકાય નમઃ ।
૭૭. ૐ શ્રીપંચાયતનસન્માનાય નમઃ ।
૭૮. ૐ શ્રીનૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ ।
૭૯. ૐ શ્રીપ્રગલ્ભાય નમઃ ।

૮૦. ॐ શ્રીનિઃસ્પૃહાય નમઃ ।

૮૧. ॐ શ્રીસત્યપ્રતિજ્ઞાય નમઃ ।

૮૨. ॐ શ્રીભક્તવત્સલાય નમઃ ।

૮૩. ॐ શ્રીઅરોષણાય નમઃ ।

૮૪. ॐ શ્રીદીર્ઘદર્શિને નમઃ ।

૮૫. ॐ શ્રીષડૂર્મિવિજયક્ષમાય નમઃ ।

૮૬. ॐ શ્રીનિરહંકૃતયે નમઃ ।

૮૭. ॐ શ્રીઅદ્રોહાય નમઃ ।

૮૮. ॐ શ્રીઋજવે નમઃ ।

૮૯. ॐ શ્રીસર્વોપકારકાય નમઃ ।

૯૦. ॐ શ્રીનિયામકાય નમઃ ।

૯૧. ॐ શ્રીઉપશમસ્થિતયે નમઃ ।

૯૨. ॐ શ્રીવિનયવતે નમઃ ।

૯૩. ॐ શ્રીગુરવે નમઃ ।

૯૪. ॐ શ્રીઅજાતવૈરિણે નમઃ ।

૯૫. ॐ શ્રીનિર્લોભાય નમઃ ।

૯૬. ૐ શ્રીમહાપુરૂષાય નમઃ ।

૯૭. ૐ શ્રીઆત્મદાય નમઃ ।

૯૮. ૐ શ્રીઅખંડિતાર્ષમર્યાદાય નમઃ ।

૯૯. ૐ શ્રીવ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ ।

૧૦૦. ૐ શ્રીમનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ ।

૧૦૧. ૐ શ્રીયમદૂતવિમોચકાય નમઃ ।

૧૦૨. ૐ શ્રીપૂર્ણકામાય નમઃ ।

૧૦૩. ૐ શ્રીસત્યવાદિને નમઃ ।

૧૦૪. ૐ શ્રીગુણગ્રાહિણે નમઃ ।

૧૦૫. ૐ શ્રીગતસ્મયાય નમઃ ।

૧૦૬. ૐ શ્રીસદાચારપ્રિયતરાય નમઃ ।

૧૦૭. ૐ શ્રીપુણ્યશ્રવણકીર્તનાય નમઃ ।

૧૦૮. ૐ શ્રીસર્વમંગલસદ્રૂપનાનાગુણવિચેષ્ટિતાય નમઃ ।

**॥ ઈતિ શ્રીજનમંગલ નામાવલિ સમાપ્તા ॥**

# નારાયણ કવચ

સર્વ પ્રથમ હાથ-પગ ધોઈ પવિત્ર આસન ઉપર ઉત્તરાભિમુખ બેસી આચમન કરવું. ત્યારબાદ ભગવાન શ્રીનારાયણનું ધ્યાન કરવા પૂર્વક નીચે લખવા પ્રમાણેના ન્યાસ કરવા.

## અંગન્યાસ

ૐ ૐ ૐ નમઃ પાદયોઃ (આમ બોલતા જમણા હાથની તર્જની અને અંગુઠાને ભેગા કરી બન્ને પગનો યથાક્રમ સ્પર્શ કરવો.)

ૐ નં નમઃ જાનુનોઃ (આમ બોલતા જમણા હાથની તર્જની અને અંગુઠાથી યથાક્રમ બંને ગોઠણનો સ્પર્શ કરવો.)

ૐ મોં નમઃ ઊર્વોઃ (આમ બોલતા જમણા હાથની તર્જની અને અંગુઠાથી બંને જાંઘનો યથાક્રમ સ્પર્શ કરવો.)

ૐ નાં નમઃ ઉદરે (આમ બોલતા જમણા હાથની તર્જની અને અંગુઠાથી પેટનો સ્પર્શ કરવો.)

ૐ રાં નમઃ હૃદિ (આમ બોલતા જમણા હાથની મધ્યમા અનામિકા અને તર્જનીથી હૃદયનો સ્પર્શ કરવો.)

ૐ યં નમઃ ઉરસિ (આમ બોલતા જમણા હાથની મધ્યમા અનામિકા અને તર્જનીથી છાતીનો સ્પર્શ કરવો.)

ૐ ણાં નમઃ મુખે (આમ બોલતા જમણા હાથની તર્જની અને અંગુઠાનો સંયોગ કરી મુખનો સ્પર્શ કરવો.

ૐ યં નમઃ શિરસિ (આમ બોલતા જમણા હાથની તર્જની અને મધ્યમાનો સંયોગ કરી શિરનો સ્પર્શ કરવો.)

## કરન્યાસ

ૐ ૐ ૐ નમઃ દક્ષિણતર્જન્યામ્ (આમ બોલતા જમણા અંગુઠાથી જમણી તર્જનીના ટેરવાનો સ્પર્શ કરવો.)

ॐ નં નમઃ દક્ષિણમધ્યમાયામ્ (આમ બોલતા જમણા અંગુઠાથી જમણી મધ્યમા આંગળીના ટેરવાનો સ્પર્શ કરવો.)

ॐ મોં નમઃ દક્ષિણાનામિકાયામ્ (આમ બોલતા જમણા અંગુઠાથી જમણી અનામિકા આંગળીના ટેરવાનો સ્પર્શ કરવો.)

ॐ ભં નમઃ દક્ષિણકનિષ્ઠિકાયામ્ (આમ બોલતા જમણા અંગુઠાથી જમણી કનિષ્ઠા આંગળીના ટેરવાનો સ્પર્શ કરવો.)

ॐ ગં નમઃ વામકનિષ્ઠિકાયામ્ (આમ બોલતા ડાબા અંગુઠાથી ડાબી કનિષ્ઠિકા આંગળીનો સ્પર્શ કરવો.)

ॐ વં નમઃ વામાનામિકાયામ્ (આમ બોલતા ડાબા અંગુઠાથી ડાબી અનામિકા આંગળીનો સ્પર્શ કરવો.)

ૐ તેં નમઃ વામમધ્યમાયામ્ (આમ બોલતા ડાબા અંગુઠાથી ડાબી મધ્યમા આંગળીનો સ્પર્શ કરવો.)

ૐ વાં નમઃ વામતર્જન્યામ્ (આમ બોલતા ડાબા અંગુઠાથી ડાબી તર્જની આંગળીના ટેરવાનો સ્પર્શ કરવો.)

ૐ સું નમઃ દક્ષિણાઙ્ગુષ્ઠોર્ધ્વપર્વણિ (આમ બોલતા જમણા હાથની ચારેય આંગળીઓથી જમણા અંગુઠાના ટેરવાનો સ્પર્શ કરવો.)

ૐ દેં નમઃ દક્ષિણાઙ્ગુષ્ઠાધઃપર્વણિ (આમ બોલતા જમણા હાથની ચારેય આંગળીઓથી જમણા અંગુઠાના મૂળ ભાગમાં સ્પર્શ કરવો.)

ૐ વાં નમઃ વામાઙ્ગુષ્ઠોર્ધ્વપર્વણિ (આમ બોલતા ડાબા હાથની ચારેય આંગળીઓથી ડાબા અંગુઠાના ટેરવાનો સ્પર્શ કરવો.)

ॐ યં નમઃ વામાઙ્ગુષ્ઠાધઃપર્વણિ (આમ બોલતા ડાબા હાથની ચારેય આંગળીઓથી ડાબા અંગુઠાના મૂળ ભાગનો સ્પર્શ કરવો.)

## વિષ્ણુષડક્ષરન્યાસઃ

ॐ ॐ નમઃ હૃદયે (આમ બોલતા જમણા હાથની તર્જની મધ્યમા અને અનામિકાથી હૃદયનો સ્પર્શ કરવો.)

ॐ વિં નમઃ મૂર્ધનિ (આમ બોલતા જમણા હાથની તર્જની અને મધ્યમાથી શિરનો સ્પર્શ કરવો.)

ॐ ષં નમઃ ભ્રુવોર્મધ્યે (આમ બોલતા જમણા હાથની તર્જની અને મધ્યમાથી બંને ભ્રૌંહોનો સ્પર્શ કરવો.)

ॐ ણં નમઃ શિખાયામ્ (આમ બોલતા જમણા હાથના અંગુઠાથી શિખાનો સ્પર્શ કરવો.)

ૐ વેં નમઃ નેત્રયોઃ (આમ બોલતા જમણા હાથની તર્જની અને મધ્યમાથી બન્ને નેત્રોનો સ્પર્શ કરવો.)

ૐ નં નમઃ સર્વસંધિષુ (આમ બોલતા જમણા હાથની તર્જની મધ્યમા અને અનામિકાથી શરીરના સંધિભાગોમાં સ્પર્શ કરવો.)

ૐ મઃ અસ્ત્રાય ફટ્ પ્રાચ્યામ્ (આમ બોલતા પૂર્વમાં ચપટી વગાડવી)

ૐ મઃ અસ્ત્રાય ફટ્ આગ્નેય્યામ્ (આમ બોલતા અગ્નિ ખૂણામાં ચપટી વગાડવી)

ૐ મઃ અસ્ત્રાય ફટ્ દક્ષિણસ્યામ્ (આમ બોલતા દક્ષિણમાં ચપટી વગાડવી)

ૐ મઃ અસ્ત્રાય ફટ્ નૈઋત્યે (આમ બોલતા નૈઋત્ય ખુણામાં ચપટી વગાડવી)

ૐ મઃ અસ્ત્રાય ફટ્ પ્રતીચ્યામ્ (આમ બોલતા પશ્ચિમમાં ચપટી વગાડવી)

ૐ મઃ અસ્ત્રાય ફટ્ વાયવ્યે (આમ બોલતા વાયવ્ય ખુણામાં ચપટી વગાડવી)

ૐ મઃ અસ્ત્રાય ફટ્ ઉદીચ્યામ્ (આમ બોલતા ઉત્તરમાં ચપટી વગાડવી)

ૐ મઃ અસ્ત્રાય ફટ્ ઐશાન્યામ્ (આમ બોલતા ઈશાન ખૂણામાં ચપટી વગાડવી)

ૐ મઃ અસ્ત્રાય ફટ્ ઉર્ધ્વાયામ્ (આમ બોલતા ઉપર ચપટી વગાડવી)

ૐ મઃ અસ્ત્રાય ફટ્ અધરાયામ્ (આમ બોલતા નીચે ચપટી વગાડવી)

ભગવાન શ્રીહરિએ ગરૂડજીની પીઠ પર પોતાના ચરણકમળો સ્થાપિત કર્યા છે. અણિમાદિક આઠ સિદ્ધિઓ તેમની સેવા કરી રહી છે. વળી આઠ હાથોમાં શંખ, ચક્ર, ઢાલ, તલવાર, ગદા, બાણ, ધનુષ અને પાશ ધારણ કર્યા છે તે જ શ્રીહરિ સર્વપ્રકારે મારી રક્ષા કરો. મત્સ્યમૂર્તિ ભગવાન જળમાં જળજંતુઓથી અને

વરુણના પાશથી મારી રક્ષા કરો. માયાથી બ્રહ્મચારીનું રૂપ ધારણ કરવાવાળા વામન ભગવાન સ્થળોમાં અને વિશ્વરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારી રક્ષા કરો. જેના ઘોર અટ્ટહાસ્યથી બધી દિશાઓ ગુંજી ઉઠી હતી અને ગર્ભવતી દૈત્ય પત્નીઓના ગર્ભ ગળી ગયા હતા તે અસુરયૂથપતિઓના શત્રુ ભગવાન નૃસિંહ ગઢ, જંગલ, રણભૂમિ આદિક વિકટ સ્થાનોમાં મારી રક્ષા કરો. પોતાની દાઢો પર પથ્વીને ઉઠાવી ધારણ કરનાર યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન માર્ગમાં, પરશુરામ ભગવાન પર્વતોના શિખરો પર અને લક્ષ્મણજી સહિત ભરતજીના મોટાભાઈ ભગવાન શ્રીરામ પ્રવાસના સમયે મારી રક્ષા કરો. ભગવાન નારાયણ મારણ-મોહન આદિ ભયંકર અભિચારો તથા તમામ પ્રકારના પ્રમાદથી મારી રક્ષા કરો. ઋષિ શ્રેષ્ઠ નર ગર્વથી, યોગેશ્વર ભગવાન દત્તાત્રેય યોગમાં થનારા વિઘ્નોથી અને ત્રિગુણાધિપતિ ભગવાન કપિલ કર્મબંધનોથી મારી રક્ષા કરો. પરમ ઋષિ

સનત્કુમાર કામદેવથી, ભગવાન હયગ્રીવ માર્ગમાં ચાલતા દેવમૂર્તિઓને નમસ્કાર ન કરવા આદિ અપરાધોથી, દેવર્ષિ નારદ શ્રીહરિની સેવામાં થતાં અપરાધોથી અને ભગવાન કચ્છપ તમામ પ્રકારના નરકોથી મારી રક્ષા કરો. ભગવાન ધન્વંતરિ કુપથ્યોથી, જિતેન્દ્રિય ભગવાન ઋષભદેવ ભયદાયક સુખ-દુઃખ આદિક દ્વન્દ્વોથી, ભગવાન યજ્ઞ લોકાપવાદથી, બલરામજી મનુષ્ય દ્વારા અપાતા કષ્ટોથી અને શ્રીશેષ ક્રોધવશ સર્પોથી મારી રક્ષા કરો. ભગવાન શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ અજ્ઞાનથી તથા ભગવાન બુદ્ધ પાખંડીઓ અને પ્રમાદથી મારી રક્ષા કરો. ધર્મની રક્ષા માટે અવતાર ધારણ કરનાર ભગવાન કલ્કિ કળિયુગના દોષોથી મારી રક્ષા કરો. પ્રાતઃકાળે ભગવાન કેશવ પોતાની ગદા લઈને, થોડો દિવસ ચઢતા ભગવાન ગોવિંદ પોતાની વાંસળી લઈને, મધ્યાહ્ન પહેલા ભગવાન નારાયણ પોતાની તીક્ષ્ણ શક્તિ લઈને અને

મધ્યાહ્‌ન પહેલા ભગવાન વિષ્ણુ પોતાના ચક્રરાજ સુદર્શનને ધારણ કરી મારી રક્ષા કરો. તૃતીય પ્રહરમાં ભગવાન મધુસૂદન પોતાનું પ્રચંડ ધનુષ લઈને મારી રક્ષા કરો. સાયંકાળે બ્રહ્મા આદિ ત્રિમૂર્તિધારી માધવ, સૂર્યાસ્ત પછી ભગવાન હૃષીકેશ, અર્ધરાત્રિના પૂર્વે તથા અર્ધરાત્રિએ એક એવા પદ્‌મનાભ ભગવાન મારી રક્ષા કરો. રાત્રિના પાછલા પ્રહરમાં શ્રીવત્સના ચિહ્‌નને ધારણ કરનાર ભગવાન શ્રીહરિ, ઉષાકાળમાં ખડ્‌ગધારી ભગવાન જનાર્દન, સૂર્યોદયથી પૂર્વ ભગવાન દામોદર તથા તમામ સંધ્યા સમયે કાળમૂર્તિ ભગવાન વિશ્વેશ્વર મારી રક્ષા કરો.

હે સુદર્શન ! આપનો આકાર ચક્ર જેવો છે. તમારી કિનારીઓનો ભાગ પ્રલયકાળના અગ્નિ સમાન અત્યંત તીવ્ર છે. તમો ભગવાનની પ્રેરણાથી બધી બાજુ ભ્રમણ કરો છો. જેમ અગ્નિ વાયુની સહાયતાથી સૂકા ઘાંસને સળગાવી દે છે તેમ જ તમે મારા શત્રુઓની

સેનાઓને શીઘ્ર જ સળગાવી દો, સળગાવી દો. હે કૌમોદકી ગદા ! તમારામાંથી પ્રગટ થતી ચિનાગરીઓનો સ્પર્શ વજ્રના સમાન અસહ્ય છે. તમે ભગવાન અજિતની પ્રિયા છો અને હું એમનો સેવક છું આથી મારા શત્રુ એવા કૂષ્માંડ, વિનાયક, યક્ષ, રાક્ષસ, ભૂત અને પ્રેતાદિક ગ્રહોને કચડી નાંખો કચડી નાંખો. ચૂર ચૂર કરી નાંખો. હે શંખશ્રેષ્ઠ ! આપ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ફુંકાવાથી ભયંકર શબ્દ કરી મારા શત્રુઓના હૃદયો કંપાવી દો તથા યાતુધાન, પ્રમથ, પ્રેત, માતૃકા, પિશાચ અને બ્રહ્મરાક્ષસાદિક ભયદાયક પ્રાણીઓને અહીંયાથી તુરંત ભગાડો. હે ભગવાનની શ્રેષ્ઠ તલવાર ! આપની ધાર અત્યંત તીક્ષ્ણ છે. આપ ભગવાનની પ્રેરણાથી મારા શત્રુઓને છિન્ન-ભિન્ન કરી દો. હે ભગવાનની પ્યારી ઢાલ ! તમારામાં સેંકડોં ચંદ્રાકાર મંડળો છે. તમે પાપદૃષ્ટિ અને પાપી એવા મારા શત્રુઓની આંખોને સદાને માટે ઢાંકી દો અને તેમને દૃષ્ટિવિહીન કરી દો.

ગ્રહો, કેતુઓ, દુષ્ટ મનુષ્યો, સરીસૃપો, દાઢવાળા હિંસક પશુઓ, ભૂત-પ્રેતાદિ તથા પાપી પ્રાણીઓથી અમને જે જે ભય હોય અને જે જે અમારું મંગળ થવામાં વિરોધી હોય તે સર્વે ભગવાનના નામ રૂપ આયુધોના કીર્તન સ્મરણથી તત્કાળ નષ્ટ થાઓ. બૃહદ્ રથન્તર આદિ સામવેદીય સ્તોત્રો વડે જેની સ્તુતિ કરવામાં આવે છે તે વેદમૂર્તિ ભગવાન ગરૂડ તથા વિષ્વક્સેન પોતાના નામોચ્ચારણના પ્રભાવથી તમામ પ્રકારની આપત્તિઓથી અમારુ રક્ષણ કરો. ભગવાન શ્રીહરિના નામ, રૂપ, વાહન, આયુધો અને શ્રેષ્ઠ પાર્ષદો અમારી બુદ્ધિ, ઈન્દ્રિય, મન અને પ્રાણોની રક્ષા કરો. 'સત અને અસત જે કાંઈ છે તે વસ્તુતાએ ભગવાન જ છે' આ સત્યના પ્રભાવથી અમારા સંપૂર્ણ ઉપદ્રવો નાશ પામો. જેણે શ્રીહરિ સાથે ઐક્યનો અનુભવ કર્યો છે તેમની દૃષ્ટિએ ભગવાનના સ્વરૂપ તમામ વિકલ્પોથી રહિત છે છતાં પણ શ્રીહરિ પોતાની માયાશક્તિ દ્વારા ભૂષણ-

આયુધ અને રૂપ નામક શક્તિઓને ધારણ કરે છે. આ વાત નિશ્ચિત રૂપથી સત્ય છે તે કારણથી સર્વજ્ઞ સર્વવ્યાપક ભગવાન શ્રીહરિ સદા-સર્વદા-સર્વત્ર તમામ સ્વરૂપોથી અમારી રક્ષા કરો. જે પોતાના ભયંકર અટ્ટહાસ્યથી તમામ લોકોના ભયને દૂર કરી દે છે અને પોતાના તેજથી સર્વનું તેજ ગ્રસી લે છે તે ભગવાન નૃસિંહ દિશાઓ-વિદિશાઓમાં, ઉપર-નીચે, અંદર-બહાર બધી બાજુ અમારી રક્ષા કરો.

**શ્રીનારાયણ કવચ સમાપ્ત**

# શ્રીહરિ કવચ

વિપ્રકુલભૂષણ, સાવર્ણિગોત્રતિલક, સદ્ધર્મના રક્ષક, ભક્તિ અને ધર્મના પુત્ર શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું. યોગીરાજથી પણ દુષ્કર એવા યોગનું આચરણ કરનાર, સમસ્ત સાધુગુણસંપન્ન, પોતાની લાવણ્યતાથી કામદેવના ગર્વને ખંડિત કરનાર, નૈષ્ઠિક વ્રતના પોષક, પ્રણત જનની પીડાને હરણ કરનાર, માતા ભક્તિના હર્ષને વધારનાર, અચ્યુત, નારાયણમુનિ એવા સહજાનંદસ્વામીને હું નમસ્કાર કરું છું. હું નિત્યાનંદમુનિ વર્ણીરાજ ધર્મનંદન શ્રીહરિને નમસ્કાર કરીને શુભ હરિકવચ કહું છું.

આ હરિકવચ સ્તોત્રમાળા મંત્રના વ્યાસમુનિ ઋષિ છે. અનુષ્ટુપ છંદ છે. ભક્તિ ધર્મનંદન શ્રીહરિ દેવતા છે. ભક્તિધર્મવિવર્ધન કીલક છે. ધર્મરક્ષક બીજ છે. બૃહદ્વ્રતધર શક્તિ છે. મારા સકળ મનોરથોની સિદ્ધિ માટેના જપમાં વિનિયોગ છે.

## અથ કરન્યાસ

ૐ શ્રીહરિકૃષ્ણાય નમોઽઙ્ગુષ્ઠાભ્યાં નમઃ ।

ૐ શ્રીભક્તિધર્માત્મજાય નમસ્તર્જનીભ્યાં નમઃ ।

ૐ શ્રીહરયે નમો મધ્યમાભ્યાં નમઃ ।

ૐ શ્રીકૃષ્ણાય નમોઽનામિકાભ્યાં નમઃ ।

ૐ શ્રીનીલકણ્ઠાય નમઃ કનિષ્ઠિકાભ્યાં નમઃ ।

ૐ શ્રીસ્વામિનારાયણાય નમઃ કરતલકરપૃષ્ઠાભ્યાં નમઃ ।

**ઈતિ કરન્યાસઃ**

## અથ ષડંગન્યાસઃ

ૐ શ્રીહરિકૃષ્ણાય નમો હૃદયાય નમઃ ।

ૐ શ્રીભક્તિધર્માત્મજાય નમઃ શિરસે સ્વાહા ।

ૐ શ્રીહરયે નમઃ શિખાયૈ વષટ્ ।

ૐ શ્રીકૃષ્ણાય નમઃ કવચાય હુમ્ ।

ૐ શ્રીનીલકંઠાય નમો નેત્રાભ્યાં વૌષટ્ ।

ૐ શ્રીસ્વામિનારાયણાય નમોઽસ્ત્રાય ફટ્ ।

**ઈતિ ષડંગન્યાસઃ ।**

## ધ્યાન

શ્રીકૃષ્ણ, પુરુષોત્તમ, ધર્મપુત્ર, વર્ણીન્દ્ર, ઈશ્વરોના પણ ઈશ્વર, સર્વોત્તમ ઉચ્ચ સિંહાસન પર બિરાજમાન, ભક્તસમૂહથી પૂજિત, સુખકર, કરુણારૂપી અમૃતના સાગર, જેઓના ચરણકમળ મુનિઓ દ્વારા સુસેવિત છે એવા શ્વેત વસ્ત્રોને ધારણ કરનાર ધર્મપ્રિય શ્રીહરિનું હું હૃદયમાં ધ્યાન કરું છું.

જેઓના ગુણકર્મ અને નામોનું શ્રવણ પુણ્યદાયી છે તે શ્રીહરિ પૂર્વદિશામાં મારી રક્ષા કરો. યમદૂતોથી રક્ષણ કરવાવાળા શ્રીહરિ દક્ષિણ દિશામાં મારી રક્ષા કરો. ભક્તોની અસદ્‌વાસનાઓનો ઉચ્છેદન કરનારા શ્રીહરિ પશ્ચિમ દિશામાં મારી રક્ષા કરો. ઈચ્છારામના અગ્રજ શ્રીહરિ ઉત્તર દિશામાં મારી રક્ષા કરો. ઈશાન ખૂણામાં સહજાનંદ સ્વામી મારી રક્ષા કરો. હનુમાનજી જેમને અત્યંત પ્રિય છે અને હનુમાનજીને જે અત્યંત પ્રિય છે તે શ્રીહરિ અગ્નિ અને નૈઋત્ય ખૂણામાં મારી

રક્ષા કરો. પ્રણતજનોના દુઃખોને દૂર કરનાર શ્રીહરિ વાયવ્ય ખૂણામાં મારી રક્ષા કરો. સર્વને મંગળકારી દર્શન છે જેનું એવા શ્રીહરિ ઉર્ધ્વદિશામાં મારી રક્ષા કરો. સંતગણના સુહૃદ, ધર્મસ્થાપક અને ધર્મનો પક્ષ સુદૃઢ કરનાર શ્રીહરિ અધોદિશામાં મારી રક્ષા કરો. શ્રીહરિ પ્રાતઃકાળમાં મારી રક્ષા કરો. શ્રીકૃષ્ણ આસંગવકાળમાં મારી રક્ષા કરો. મધ્યાહ્નથી પૂર્વ ધર્મપોષક અને નિરીશ્વર મતનું ખંડન કરનાર શ્રીહરિ મારી રક્ષા કરો. વિપ્રોના અપરાધોને સહન કરનાર કેશવ મધ્યાહ્નમાં મારી રક્ષા કરો. બ્રહ્મની નિંદાના શ્રવણથી અત્યંત વ્યથિત થનાર માધવ અપરાહ્ન કાળમાં મારી રક્ષા કરો. ભક્તાધીન, વિપ્રાત્મા અને દુષ્ટોનો નાશ કરનાર શ્રીહરિ સાયંકાળમાં મારી રક્ષા કરો. સર્વાત્મા અને ધર્મસર્ગના પોષક એવા શ્રીહરિ મધ્યરાત્રિમાં મારી રક્ષા કરો. ભક્તિ-ધર્મને આનંદ પ્રદાન કરનાર વૃષપ્રિય રાત્રિના શેષ ભાગમાં મારી

રક્ષા કરો. ગઢડામાં નિવાસ કરનાર શ્રીહરિ સંધ્યા સમયમાં મારી રક્ષા કરો. મુકુંદાનંદ વર્ણીની સેવાથી સંતુષ્ટ શ્રીહરિ જળમાં સદા મારી રક્ષા કરો. ભક્તિ અને ધર્મ દ્વારા આરાધિત શ્રીહરિ વિવિધ સ્થળોમાં મારી રક્ષા કરો. સાવર્ણિગોત્રતિલક અને નૈષ્ઠિકોમાં સર્વ શ્રેષ્ઠ શ્રીહરિ આકાશમાં મારી રક્ષા કરો. મોટા કિલ્લાઓમાં, ઘોર વનમાં, પર્વત પર, વૃક્ષ પર, સંગ્રામમાં, સાગરમાં અને ઘોર સંકટોમાં સ્વયંભૂ શ્રીહરિ મારી રક્ષા કરો. હરિકૃષ્ણ મારા મસ્તકની મારી રક્ષા કરો. ભક્તિનંદન મારા લલાટની રક્ષા કરો. ધાર્મિક મારા મુખની રક્ષા કરો. ભક્તવલ્લભ મારા બે કાનની રક્ષા કરો. નૈષ્ઠિકેન્દ્ર મારી દાઢીની અને વૃષાત્મજ મારા ભ્રૂયુગ્મની રક્ષા કરો. ભક્તિધર્માત્મજ મારા નેત્રોની તથા તપોધન મારી નાસિકાની રક્ષા કરો. સિદ્ધોના ગર્વને ખંડિત કરનાર શ્રીહરિ મારા બંને હોઠની અને મહામુનિ મારી જિહ્‌વાની રક્ષા કરો. નીલકંઠ મારા દાંતોની અને

પ્રિયદર્શન શ્રીહરિ મારા ગાલોની રક્ષા કરો. ધર્મદેવના સુખસાગર શ્રીહરિ સદા મારા કંઠની રક્ષા કરો. સર્વજનોના સ્વામી મારા સ્કંધોની તથા નિતાંત જિતેન્દ્રિય શ્રીહરિ મારી ભુજાઓની રક્ષા કરો. સામવેદનું ગાન કરનાર શ્રીહરિ મારી કોણીઓની, હાથની અને આંગળીઓની રક્ષા કરો. યોગીરાજથી પણ દુષ્કર આચરણવાળા મહામતિ શ્રીહરિ મારી કાંખની રક્ષા કરો. ભક્તિપુત્ર મહાયોગી મારી છાતીની રક્ષા કરો. કામદેવના ગર્વને ચૂર્ણ કરનાર ધર્મપુત્ર મારી જઠરની રક્ષા કરો. ભક્તો માટે કલ્પવૃક્ષ સમાન સ્વામિનારાયણ મારી નાભિની રક્ષા કરો. કૃશાવસ્થામાં સ્થિત ઉદ્ધવ સંપ્રદાયને સારી રીતે પુષ્ટિ પમાડનાર શ્રીહરિ મારા બંને પડખાઓની સર્વથા રક્ષા કરો. સત્સંગિજનોને અત્યંત પ્રિય શ્રીનારાયમમુનિ મારી પીઠની રક્ષા કરો. સર્વસાધુગુણોના ભંડાર વર્ણીરાજ મારા કટિપ્રદેશની રક્ષા કરો. સાધુપ્રિય શ્રીહરિ મારા ગુપ્તાંગની અને ભક્તોને

વશ રહેનાર શ્રીહરિ મારી અસ્થિઓની રક્ષા કરો. બ્રહ્મણ્યદેવ મારા ઉરુ પ્રદેશની અને ધર્મધારક મારા ઘુંટણોની રક્ષા કરો. સ્ત્રીઓની ગંધને સહન કરવામાં અસમર્થ ધર્મનંદન મારી જાંઘ અને ઘુંટીઓની રક્ષા કરો. માતા ભક્તિને હર્ષપ્રદાન કરનાર શ્રીહરિ મારા બંને પગ અને પગની આંગળીઓની રક્ષા કરો. ભયથી રક્ષા કરનાર શ્રીહરિ મારા સર્વ અંગોની તથા વિભુ મારા રોમસમૂહની રક્ષા કરો. અનેક ભક્તોને આનંદિત કરનાર શ્રીહરિ મારી સર્વ ઈન્દ્રિયોની રક્ષા કરો. હૃષિકેશ મારા પ્રાણોની અને માધવ મારા ચિત્તની રક્ષા કરો. નરનારાયણ મારી બુદ્ધિની અને કેશવ મારા મનની રક્ષા કરો. જિતેન્દ્રિય શ્રીહરિ પાપોનું મૂળ, સર્વશ્રેયનો વિનાશ કરનારી અને દરિદ્રતાની માતારૂપ નિદ્રા તથા પ્રમાદથી મારી રક્ષા કરો. સચ્છાસ્ત્રોનું અનુકરણ કરવાવાળી પ્રજ્ઞાવાળા નારાયણ ગર્વથી મારી રક્ષા કરો. યોગચ્યુતિથી યોગેશ્વર અને કર્મબંધનોથી મુનીશ્વર મારી

રક્ષા કરો. સર્વશ્રેયવિનાશક કામથી નિષ્કામ એવા શ્રીહરિ મારી રક્ષા કરો. ક્રોધને જીતનાર દયાસાગર ક્રોધરૂપી દાવાનળથી મારી રક્ષા કરો. લોભાદિક દોષોનું સારી રીતે નિરુપણ કરનાર શ્રીહરિ લોભરૂપી પારધીથી મારું રક્ષણ કરો. જિતસ્વાદ શ્રીહરિ પ્રબળ રસના ઈન્દ્રિયથી મારી રક્ષા કરો. માનરહિત શ્રીહરિ સર્વસદ્‌ગુણોને દૂષણમાં રૂપાંતરિત કરનાર માનથી મારી રક્ષા કરો. સર્વ દુઃખોની સાગર સ્પૃહાથી નિઃસ્પૃહ શ્રીહરિ મારી રક્ષા કરો. દેહ અને દેહના સંબંધીઓમાં થનાર સ્નેહથી નિઃસ્નેહ શ્રીહરિ મારી રક્ષા કરો. સન્માર્ગથી ભ્રષ્ટ કરનાર મદરૂપી સર્પથી નિર્મદ શ્રીહરિ મારી રક્ષા કરો. દંભરહિત અને સંતમંડળપરાયણ શ્રીહરિ દંભથી મારી રક્ષા કરો. નિર્મત્સર વૃષનંદન મત્સરથી મારી રક્ષા કરો. ભક્તિધર્મને આનંદિત કરનાર અને દુઃખોનું હરણ કરનાર શ્રીહરિ ખાતા-પીતાં, ઉઠતાં-બેસતાં અને શયન કરતા મારી રક્ષા કરો. સર્વનિયંતા અને અદ્‌ભુત

ચરિત્રો કરનાર શ્રીહરિ પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થામાં, પડતા, સ્ખલિત થતા, છીંકતા, બગાસું ખાતાં, નિદ્રા-તન્દ્રાથી યુક્ત, ગૃહમાં સ્થિત તથા દ્વારપર સ્થિત મને જે બાધિત કરવામાં ઉદ્યત છે તે સર્વેનો શીઘ્રજ નાશ કરી મારી રક્ષા કરો. મકારપંચકનો ઉચ્છેદ કરનાર શ્રીહરિ દુઃસંગ, કૌંડ, નાસ્તિક, શાક્ત અને શુષ્કજ્ઞાનીઓથી સદા મારી રક્ષા કરો. જ્ઞાનપ્રદાતા શ્રીહરિ અજ્ઞાનથી મારી રક્ષા કરો. સંતમંડળના મધ્યમાં નિવાસની રુચિવાળા યોગીરાજ શ્રીહરિકૃષ્ણ ભક્તિમાં થનાર અપરાધોથી મારી રક્ષા કરો. ધર્મવિદ્‌માં શ્રેષ્ઠ માર્ગમાં થનાર દેવાપરાધોથી મારી રક્ષા કરો. ભક્તિ અને ધર્મ દ્વારા સંસેવિત શ્રીહરિ સદાચારમાં થનાર ચ્યુતિથી મારી રક્ષા કરો. દ્વિજેન્દ્રકુળભૂષણ શ્રીહરિ કલિકાલના દોષોથી મારી રક્ષા કરો. ભક્તિ અને ધર્મએ જેમના ચરણોની આરાધના કરી છે તેવા શ્રીહરિ લોકાપવાદથી મારી રક્ષા કરો. ભક્તિ-ધર્મ દ્વારા કરાયેલ તપના ફલસ્વરૂપ શ્રીહરિ

દેહાભિમાનથી મારી રક્ષા કરો. પોતાના પ્રતાપથી અસુરોને ક્ષીણ કરનાર શ્રીહરિ મોહ અને કુતર્કથી મારી રક્ષા કરો. દ્વન્દ્વ રહિત શ્રીહરિ સુખ અને દુઃખ સંજ્ઞાવાળા દ્વન્દ્વથી મારી રક્ષા કરો. નિષ્પરિગ્રહવાન ઈશ્વર તૃષ્ણારૂપ સાગરથી મારી રક્ષા કરો. સમસ્તગ્રહ જેના ભયથી ભયભીત રહે છે એવા વિપ્રેન્દ્ર શ્રીહરિ ગ્રહોથી મારી રક્ષા કરો. યોગજ્ઞપુરુષો દ્વારા નમસ્કાર કરાયેલા યોગીરાજ શ્રીહરિ ક્રૂર દૃષ્ટિવાળા કેતુઓથી મારી રક્ષા કરો. નિષ્કામજનવલ્લભ અને ઉર્ધ્વરેતા શ્રીહરિ શારીરિક આધિ અને માનસિક વ્યાધિરૂપ પીડાઓથી મારી રક્ષા કરો. સર્વદા સમર્થ એવા શ્રીહરિ દાઢોમાં સ્થિત વિષવાળા સર્પાદિકોથી મારી રક્ષા કરો. સર્વ પાપોનું પ્રશમન કરનાર શ્રીહરિ તમામ પાપોથી મારી રક્ષા કરો. અહિંસાવૃત્તિવાળા શ્રીહરિ હિંસક વાઘ આદિથી, ડાકિની-ભૂતપ્રેતાદિકથી અને યક્ષ રાક્ષસાદિકથી સદા મારી રક્ષા કરો. પુણ્યનંદન શ્રીહરિ આધ્યાત્મિક,

આધિદૈવિક તથા આધિભૌતિક ત્રિવિધતાપ, મહામારી તથા દુ:સ્વપ્નોની પીડાઓથી મારી રક્ષા કરો. શાસ્ત્ર વિરુદ્ધ સ્વકલ્પિત મતરૂપી વિકટવનોને નષ્ટ કરવામાં દાવાનળ સ્વરૂપ શ્રીહરિ કુમતિવાળાઓથી, કુદૃષ્ટિવાળાઓથી, અસત્શાસ્ત્રોથી તથા દુષ્ટ રાજકુળાદિકોથી સર્વતઃ મારું રક્ષણ કરો. સજ્જનોને પ્રિય શ્રીહરિ સ્ત્રી દ્રવ્ય અને રસમાં આસક્તિથી ભક્તિ અને જ્ઞાનનો આડંબર કરી પાપમાં પ્રવૃત્ત થનારાઓથી મારી રક્ષા કરો. સર્વ શત્રુઓને ભયપ્રદાન કરનાર શ્રીહરિ મારણ-ઉત્સાદન-ઉન્મૂલન-દ્વેષ-મોહનાદિ કર્મ કરનારાઓનો, વિશ્વાસઘાતીઓનો, દુષ્ટોનો, ઈષ્ટદેવનો દ્રોહ કરનારાઓનો, આતતાયીઓનો તથા ચોર ઈત્યાદિકોનો શીઘ્ર જ નાશ કરો. ખેતર, ધન ઈત્યાદિક હરણ કરવાવાળા, બંધનાદિક ભયપ્રદાન કરવાવાળા, વિવિધ પ્રકારની ઈતિઓ, અન્ય દુષ્ટ જાતિવાળા, સાધુઓને ભયપ્રદાન કરવાવાળા, શસ્ત્ર પ્રહારાદિકથી

દુઃખ દેનારા, ધનાદિક હરી લેનારા, શત્રુઓ તથા હિંસક વૃત્તિવાળા સર્વે શ્રીહરિના નામસંકીર્તનથી ક્ષય પામો. યંત્ર-મંત્રાદિક ક્રિયાઓથી પીડા પમાડનારા, દુષ્ટ રાજા આમાત્યાદિક, દુષ્ટ હૃદયવાળા, મારા કાર્યનો નાશ કરનારા, બીજાને ઠગનારા, ક્રૂર કર્મવાળા, અભિચાર કર્મ કરવામાં આસક્ત, મહાક્લેશ કરનારા, મ્લેચ્છ, પાપી, નિરંતર બીજાના દોષોનું છિદ્રાન્વેષણ કરનારા અને જે કોઈ પણ અમને બાધિત કરવા ઉદ્યત છે તે સર્વે સમર્થ પ્રભુ એવા શ્રીહરિના નામસંકીર્તનથી નાશ પામો. વાતથી થનાર, પિત્તથી થનાર, કફથી થનાર, સનેપાતથી થનાર એક-બે-ત્રણ-ચાર-પંદર-ત્રીસ દિવસ, છ માસ અને એક વર્ષમાં શરીરમાં ઉત્પન્ન થનાર, પરમ દારુણ, જેનો પ્રતિકાર કરવો ઘણો કઠણ છે તેવા દેહ ઈન્દ્રિયો અને પ્રાણોને કંપાવનાર માહેશ્વર તથા વૈષ્ણવ જ્વર આદિ સહજાનંદ નામથી વિનષ્ટ થાઓ. સ્વપ્નોમાં થનાર મહોત્પાત, વૃધ્ધગ્રહ-બાલગ્રહ, અપસ્માર, કુષ્માંડ,

પુતના-માતૃકાદિક તથા દિવસમાં-રાતમાં અને સંધ્યા સમયમાં દારુણ દુઃખ દેનાર તમામ ભગવાન નારાયણના સ્વરથી આહત થઈ નાશ પામો. ઉદ્ભિજ, અંડજ, સ્વેદજ અને જરાયુજ જાતિવાળા જે કોઈ પણ દિવસમાં, રાતમાં કે સંધ્યા સમયમાં અમને બાધિત કરવાની ઈચ્છા રાખતા હોય તે સર્વે સર્વ સ્વામીઓના સ્વામી તેવા શ્રીહરિના નામસ્મરણથી ભયભીત થઈ પોતાની ગતિ અને બળથી ભ્રષ્ટ થઈ દૂરથી જ નાશ પામો. મે જે ના કહ્યું હોય તેવું જે ભયસ્થાન કે જે શરીરની અંદર હોય કે બહાર તે સર્વથી દેવદેવેશ ભક્તિધર્મ પુત્ર મારી રક્ષા કરો. વજ્રથી પણ કઠોર આ હરિકવચથી આચ્છાદિત મારું આ શરીર ભય અને અનેક પ્રકારની બાધાઓથી મુક્ત થાઓ. તમામ ઈશ્વરોના પણ ઈશ્વર ધર્મનંદન શ્રીહરિના દિવ્ય અને અભેદ્ય આ કવચને ધારણ કરીને દિન-રાત નિર્ભયતાથી હું વિચરણ કરું છું. સર્વ પાપોનું પ્રશમન કરનાર, શરીર અને મનની પીડાને દૂર કરનાર, સર્વતઃ શાંતિપ્રદાન

કરનાર, પરમ ગોપનીય, સમસ્ત ભયનો નાશ કરનાર, વિજયપ્રદાન કરનાર અને મનુષ્યોને ભુક્તિ અને મુક્તિ દેનાર અત્યંત અદ્ભુત આ હરિકવચ મે કહ્યું. ખળ, દંભી, ધર્મમર્યાદાના ભેદક, આસુરી પ્રવૃત્તિવાળા, નાસ્તિક, લોલુપ, અભક્ત, ભક્તોનો દ્રોહ કરનાર, ભગવાનની નિંદા કરનાર અને શુષ્કજ્ઞાનીઓને આ કવચ ન આપવું. શ્રદ્ધાવાન, આસ્તિક, અસુયા રહિત, નિર્મત્સર, ભગવાન અને ભક્તજનોના પ્રિય એવા ભક્તને આ હરિકવચ આપવું. જે મનુષ્ય આ હરિકવચને સારા અક્ષરોએ લખી કંઠમાં કે જમણા હાથમાં ધારણ કરે છે તેનો પગલે પગલે વિજય થાય છે. જે મનુષ્ય આ કવચનો પાઠ કરે, શ્રવણ કરે અથવા ભક્તોના સાનિધ્યમાં આ કવચ સંભળાવે તેને ભગવાન શ્રીહરિકૃષ્ણની કૃપાથી કાંઈપણ દુર્લભ નથી. આ કવચના પ્રભાવથી ધર્મસર્ગમાં મુક્તિદાયિની દઢ મતિ થાય છે તથા સમસ્ત કલ્યાણમાં વિઘ્નકારક અધર્મસર્ગ પર

વિજય પ્રાપ્ત થાય છે. આ હરિકવચના પ્રભાવથી ભુક્તિ-મુક્તિ અને એકાંતિકી ભક્તિ પ્રાપ્ત થાય છે. આ કવચનો પાઠ કરનાર મૃત્યુ ઉપરાંત નિશ્ચિત જ શ્રીહરિના ગોલોકધામને પામે છે. આ હરિકવચના દશહજાર પાઠ કરવાથી ભુત-પ્રેત-પિશાચ-ડાકિની-બ્રહ્મરાક્ષસ-યોગિની-રાક્ષસી-વૃદ્ધગ્રહ-બાલગ્રહ ઈત્યાદિકોનો ઉપદ્રવ, શત્રુઓ દ્વારા કરાયેલ અભિચાર પ્રયોગ, અન્ય મહારોગ કે ઉપદ્રવો નક્કી જ નષ્ટ થાય છે તેમાં સંશય નથી. આ કવચનો નિત્ય પાંચ વાર પાઠ કરવાથી મનુષ્યને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે આથી ગૃહસ્થ-ત્યાગી ભક્તોએ પ્રયત્નપૂર્વક આ કવચનો પાઠ કરવો જોઈએ. આમ પરમ પવિત્ર, અનેકવિધ શસ્ત્રો અને અસ્ત્રોથી અભેદ્ય, જન્મ-મૃત્યુને ટાળનાર અને બ્રહ્મધામને પ્રદાન કરનાર આ હરિકવચ જનસમૂહ દ્વારા સર્વદા પાઠ કરવા યોગ્ય અને ધારણ કરવા યોગ્ય છે.

**॥ ઈતિ શ્રીસહજાનંદસ્વામીશિષ્યાગ્રગણ્ય-નિત્યાનંદમુનિ વિરચિતં શ્રીહરિકવચં સમ્પૂર્ણમ્ ॥**

# શ્રી હનુમાન ચાલીસા

## (દોહા)

શ્રીગુરુ ચરન સરોજરજ, નિજ મન મુકુર સુધારિ ।
બરનઉઁ રઘુબર બિમલ જસુ, જો દાયકું ફલ ચારિ ॥
બુદ્ધિહીન તનુ જાનિકે, સુમિરૌ પવન-કુમાર ।
બલબુદ્ધિ વિદ્યા દેહું મોહિ, હરહું કલેશ બિકાર ॥

## (ચૌપાઈ)

જય હનુમાન જ્ઞાન ગુન સાગર,
જય કપીશ તિહુઁ લોક ઉજાગર ॥
રામ દૂત અતુલિત બલ ધામા,
અંજનિપુત્ર પવનસુત નામા ॥
મહાવીર બિક્રમ બજરંગી,
કુમતિ નિવાર સુમતિ કે સંગી ॥
કંચન બરન બિરાજ સુવેસા,
કાનન કુંડલ કુંચિત કેસા ॥
હાથ વજ્ર અરૂ ધ્વજા બિરાજૈ,
કાઁધે મુઁજ જનેઉ સાજે ॥

શંકર સુવન કેસરીનંદન,
તેજ પ્રતાપ મહા જગ વંદન ॥
વિદ્યાવાન ગુની અતિ ચાતુર,
રામ કાજ કરીબે કો આતુર ॥
પ્રભુ ચરિત સુનિબેકો રસિયા,
રામ લખન સીતા મન બસિયા ॥
સૂક્ષ્મ રુપ ધરિ સિયહિ દિખાવા,
વિકટ રૂપ ધરી લંકા જલાવા ॥
ભીમ રુપ ધરી અસુર સઁહારે,
રામચંદ્ર કે કાજ સઁવારે ॥
લાય સજીવન લખન જીયાયે,
શ્રીરઘુબીર હરષિ ઉર લાયે ॥
રઘુપતિ કીન્હી બહુત બડાઈ,
તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ ॥
સહસ્ત્ર બદન તુમ્હારો જસ ગાવૈં,
અસ કહિ શ્રીપતિ કંઠ લગાવૈં ॥

સનકાદિક બ્રહ્માદિ મુનીસા,
નારદ શારદ સહિત અહીસા ॥
જમ કુબેર દિગપાલ જહાઁ તે,
કબિ કોબિદ કહિ સકે કહાઁ તે ॥
તુમ ઉપકાર સુગ્રીવહિ કીન્હા,
રામ મિલાય રાજ પદ દીન્હા ॥
તુમ્હરો મંત્ર વિભીષણ માના,
લંકેશ્વર ભએ સબ જગ જાના ॥
જુગ સહસ્ર જોજન પર ભાનુ,
લીલ્યો તાહિ મધુર ફલ જાનુ ॥
પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માહીં,
જલધિ લાઁઘિ ગયે અચરજ નાહીં ॥
દુર્ગમ કાજ જગત કે જેતે,
સુગમ અનુગ્રહ તુમ્હરે તેતે ॥
રામ દુઆરે તુમ રખવારે,
હોત ન આજ્ઞા બિનુ પૈસારે ॥

સબ સુખ લહૈ તુમ્હારી સરના,
તુમ રક્ષક કાહુ કો ડરના ॥
આપન તેજ સમ્હારો આપે,
તીનોં લોક હાઁક તેં કાઁપે ॥
ભૂત પિશાચ નિકટ નહિ આવે,
મહાબીર જબ નામ સુનાવે ॥
નાસે રોગ હરે સબ પીરા,
જપત નિરંતર હનુમત બીરા ॥
સંકટ સે હનુમાન છુડાવે,
મન કર્મ વચન ધ્યાન જો લાવે ॥
સબ પર રામ તપસ્વી રાજા,
તિન કે કાજ સકલ તુમ સાજા ॥
ઔર મનોરથ જો કોઈ લાવૈ,
સોઈ અમિત જીવન ફલ પાવૈ ॥
ચારોં જુગ પ્રતાપ તુમ્હારા,
હૈ પરસિદ્ધ જગત ઉજિયારા ॥

સાધુ સંત કે તુમ રખવારે,
અસુર નિકંદન રામ દુલારે ॥
અષ્ટ સિદ્ધિ નૌ નિધિ કે દાતા,
અસ બર દીન જાનકી માતા ॥
રામ રસાયન તુમ્હરે પાસા,
સદા રહો રઘુપતિ કે દાસા ॥
તુમ્હરે ભજન રામ કો પાવે,
જનમ જનમ કે દુઃખ બિસરાવે ॥
અંત કાલ રઘુબર પુર જાઈ,
જહાઁ જન્મ હરિભક્ત કહાઈ ॥
ઔર દેવતા ચિત્ત ન ધરઈ,
હનુમંત સેઈ સર્વ સુખ કરઈ ॥
સંકટ કટે મીટે સબ પીરા,
જો સુમરે હનુમત બલવીરા ॥
જૈ જૈ જૈ હનુમાન ગોસાઈ,
કૃપા કરહું ગુરુ દેવ કી નાઈ ॥

જો સત બાર પાઠ કર કોઈ,

છૂટહિ બંદિ મહા સુખ હોઈ ॥

જો યહ પઢે હનુમાન ચાલીસા,

હોઈ સિદ્ધિ સાખી ગૌરીસા ॥

તુલસીદાસ સદા હરિ ચેરા,

કીજે નાથ હૃદય મઁહ ડેરા ॥

**: દુહા :**

પવનતનય સંકટ હરન, મંગલ મૂર્તિ રૂપ,

રામ લખન સીતા સહિત, હૃદય બસહું સુરભુપ.

**॥ ઈતિ શ્રીહનુમાન ચાલીસા સંપૂર્ણ ॥**

## શ્રીસંકટમોચન હનુમાનાષ્ટક સ્તુતિ

બાલ સમય રબિ ભક્ષ લિયો તબ,
તીનહુઁ લોક ભયો અઁધિયારો.
તાહિ સોં ત્રાસ ભયો જગ કો,
યહ સંકટ કાહુ સોં જાત ન ટારો ।
દેવન આનિ કરી બિનતી તબ,
છાઁડિ દિયો રબિ કષ્ટ નિવારો;
કો નહિ જાનત હૈ જગ મેં કપિ,
સંકટમોચન નામ તિહારો. ૧
બાલિ કી ત્રાસ કપીસ બસૈ ગિરિ,
જાત મહાપ્રભુ પંથ નિહારો,
ચૌંકિ મહામુનિ શાપ દિયો તબ,
ચાહિય કૌન બિચાર બિચારો ।
કૈ દ્વિજરૂપ લિવાય મહાપ્રભુ,
સો તુમ દાસ કે શોક નિવારો. કો. ૨

અંગદ કે સંગ લેન ગયે સિય,
ખોજ કપીસ યહ બૈંન ઉચારો,
જીવત ના બચિહૌ હમ સોં જુ,
બિના સુધિ લાએ ઈહાઁ પગુ ધારો ।
હેરિ થકે તટ સિંધુ સબૈ તબ લાય,
સિયા - સુધિ પ્રાન ઉબારો. કો. ૩
રાવન ત્રાસ દઈ સિય કો સબ,
રાક્ષસિ સોં કહિ શોક નિવારો,
તાહિ સમય હનુમાન મહાપ્રભુ,
જાય મહા રજનીચર મારો ।
ચાહત સીય અશોક સોં આગિ સુ,
દૈ પ્રભુમુદ્રિકા શોક નિવારો. કો. ૪
બાન લાગ્યો ઉર લછિમન કે તબ,
પ્રાન તજે સુત રાવન મારો,
લૈ ગૃહ બૈદ્ય સુષેન સમેત,
તબે ગિરિ દ્રોન સુ બીર ઉપારો ।

આનિ સજીવન હાથ દઈ તબ,
લછિમન કે તુમ પ્રાન ઉબારો. કો. ૫
રાવન યુદ્ધ અજાન કિયો તબ,
નાગ કિ ફાઁસ સબૈ સિર ડારો,
શ્રીરઘુનાથ સમેત સબૈ દલ,
મોહ ભયો યહ સંકટ ભારો ।
આનિ ખગેસ તબૈ હનુમાન જુ,
બંધન કાટિ સુત્રાસ નિવારો. કો. ૬
બંધુ સમેત જબૈ અહિરાવન,
લૈ રઘુનાથ પાતાલ સિધારો,
દેબિહિં પૂજી ભલી બિધિ સોં બિલ,
દેઉ સબે મિલી મંત્ર બિચારો ।
જાય સહાય ભયો તબ હી,
અહિરાવન સૈન્ય સમેત સઁહારો. કો. ૭

કાજ કિયે બડ દેવન કે તુમ,
બીર મહાપ્રભુ દેખી બિચારો,
કૌન સો સંકટ મોર ગરીબ કો,
જો તુમસોં નહિ જાત હૈ ટારો ।
બેગિ હરો હનુમાન મહાપ્રભુ,
જો કછુ સંકટ હોય હમારો. કો. ૮

**(દોહા)**

લાલ દેહલાલી લસે, અરૂ ધરી લાલ લંગૂર
બજદેહ દાનવ દલન, જય જય જય કપિ શૂર.

**શ્રી તુલસીદાસકૃત સંકટમોચન હનુમાનાષ્ટક સંપૂર્ણ**

## શ્રી ગોપાળાનંદસ્વામીકૃત
## શ્રીસહજાનંદસ્વામીનો મંત્ર (વિધિ સાથે)

જ્યારે આપણા સંપ્રદાયના આશ્રિત સત્સંગીઓને ધનસંબંધી, રાજ્યસંબંધી અને શરીરસંબંધી પક્ષઘાત, ક્ષય, દમ અને ભગંદર વગેરે અસાધ્ય રોગ થાય છે, તે રોગની દવા કરવા છતાં નાબૂદ ન થાય ત્યારે મૂંઝાય નહિ અને સગાસ્નેહીના કહેવાથી ક્ષુદ્ર દેવની ઉપાસના અને તેના મંત્રના જપ વગેરે કરે-કરાવે નહિ તથા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાનો ભંગ કરે નહિ, તેથી સત્સંગીઓના હિતાર્થે કૃપા કરી સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીએ ઈષ્ટદેવ શ્રીસહજાનંદસ્વામીનો મંત્ર બનાવેલ છે તે મંત્રનો જપ કરવાથી કોઈ પણ મનુષ્યના અસાધ્ય રોગ તેમજ રાજ્યસંબંધી વગેરે આવેલ કષ્ટોનો નાશ થાય છે. માટે વિધિ સાથે નીચે આપેલ મંત્ર જાપ, નિયમ અને શ્રદ્ધાથી કરશે તેની મનવાંછિત ઈચ્છાઓ પૂર્ણ થશે.

(૧) મંત્રજાપનો આરંભ મંગળવારના દિવસે કરવો અને પંદર દિવસમાં દશ હજાર જાપ કરવા.

(૨) જાપ મંદિર અથવા પવિત્ર એકાંત જગ્યામાં બેસી ઘીનો દિવો અને સુગંધી ધૂપ સાથે કરવો.

(૩) જાપ કરનારે સ્ત્રીના હાથનું બનાવેલ ભોજન જમવું નહીં. બ્રાહ્મણના હાથનું અથવા પોતાને હાથે બનાવેલ ભોજન જમવું.

(૪) અથવા જાપ કરનારે ઉપવાસ કરવો એટલે દૂધ અથવા ફળાહાર લેવું અને અશક્ત હોય તેણે એકવાર ભોજન કરવું.

(૫) જાપ કરનારે સંસાર વ્યવહાર કાર્યનો, આળસનો, દિવસની નિદ્રાનો અને સ્ત્રીસંગનો ત્યાગ કરવો.

(૬) જાપ કરનારે કોઈની નિંદા કરવી કે સાંભળવી નહીં અને મંત્રમાં સંપૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ રાખવો. પવિત્ર બ્રાહ્મણ પાસે આ જાપ કરાવી શકાય.

ઉપરના નિયમોનું પાલન કરી નીચે જણાવેલ મંત્રના દશ હજાર જાપ કરવા.

-: मंत्र :-

ॐ ह्रौँ ह्रीँ ॐ श्रीँ ठँ ह्रीँ पत्रे पत्रे देवानां ॐ भूते द्वीपे ह्रीँ सौँ गौँ त्रीँ योगपीवात्मानं ह्राँ ह्रीँ भगवते ग्लाँ महाष्टयोगसिद्धि माँ प्रदात्रे श्रीसहजानन्द परमात्मने नमः औँ ठँ भँ ऐँ ह्राँ जूँ ॐ ॥

ઉપરનો મંત્ર ગોપાળાનંદસ્વામીના વંશના સત્સંગી ભાઈઓએ ગોપાળાનંદસ્વામીની હસ્તલિખિત ચોપડીમાંથી વિધિ સાથે લખી આપેલ છે, તેથી સર્વને ઉપયોગી થાય તે હેતુથી અહીં આપવામાં આવેલ છે. માટે શ્રદ્ધાથી વિધિ સાથે આ મંત્રનો જાપ પોતે અથવા પવિત્ર બ્રાહ્મણ પાસે કરે/કરાવે તો આવેલ અસહ્ય દુઃખો અને અસાધ્ય રોગો નષ્ટ થાય છે અને ઈચ્છિત ફળની પ્રાપ્તિ પણ થાય છે.

**ખાસ નોંધ :** આ મહામંત્ર સાધારણ નથી તેથી જો તેનું અશુદ્ધ ઉચ્ચારણ થાય તો વિપરીત પરિણામ પણ આપી શકે છે. આથી વિદ્વાન સંત કે બ્રાહ્મણ પાસેથી ઉચ્ચારણ શુદ્ધિ કરાવી ત્યાર બાદ જ જપ કરવો.

આ પાના પર તારીખ સિવાયની વિગત પૂજારીશ્રી માટે છે. જે તમારે સમજવી અને વાંચવી જરૂરી નથી.

પૂજા-પાઠના નિયમો પાના નં. ૧૦૨ થી છેલ્લે સુધી વાંચવા.

**સવાર-સાંજ નીચેના નિયમોનું પાલન કરવું.**

સવારે સ્નાન કરી હનુમાનજી મહારાજની મૂર્તિ (ફોટા) પાસે તેલનો દીવો કરીને પવિત્ર આસન ઉપર બેસીને

**સ્વામિનારાયણ** નામની (મંત્રની) ..... માળા અને **હનુમાનજી મહાવીર** નામની (મંત્રની) ..... માળા કરી આ પુસ્તકમાંથી ..... થી ..... પાના સુધી એક વાર પાઠ કરી આપેલ બોટલમાંથી પ્રસાદી જળ એક ચમચી પીવું. સાંજે (રાત્રે) હાથ-પગ ધોઈ ઉપર જણાવેલ માળા-પાઠ કરવા.

આ નિયમ.....દિવસ/મહિના/વર્ષ સુધી કરવા. પૂજા-પાઠની શરૂઆત કરી.....દિવસ/મહિના/વર્ષ પૂરા થાય પછી ફરીથી પાઠમાં બેસવા માટે આવવું. શનિવાર તથા તહેવારના દિવસે આવવાની મનાઈ છે. આ પુસ્તક સાથે લાવવું આવશ્યક છે.

## સૂચના

(૧) પૂજારીશ્રીએ આપેલ પૂજા-પાઠ શ્રદ્ધા, વિશ્વાસ અને ધીરજપૂર્વક નિયમનુસાર નિયમિત કરવા અને પૂજા-પાઠ કરીને હનુમાનજીદાદાને મારું આ દુઃખ દૂર કરો તેવી પ્રાર્થના કરવી.

(૨) પૂજા-પાઠના સમય દરમિયાન ડૉક્ટરની દવા ચાલુ હોય તો બંધ કરવી નહીં. જરૂર હોય તો દવા લઈ શકાય.

(૩) પૂજા-પાઠ દરમિયાન કેટલાક કિસ્સામાં તકલીફમાં વધારો થાય, મટી જાય, પાછું થાય તો થોડા દિવસમાં ફરી સુધારો થશે એટલે વચ્ચે બતાવવા આવવાની જરૂરિયાત નથી. આ એક મટવાની પ્રક્રિયા છે અને મહારાજશ્રી દ્વારા આપેલ સમય પૂર્ણ થયા પછી શનિવાર અને તહેવારના દિવસ સિવાય આ પુસ્તક સાથે લઈને જ બતાવવા આવવું.

(૪) મહિનામાં એક વખત બોટલમાં ભરેલ પ્રસાદીનું જળ સ્વચ્છ વાસણમાં કાઢી, ખાલી બોટલ ઉકાળેલા પાણીથી ધોઈ સ્વચ્છ કરીને વાસણમાં કાઢેલ જળ ગાળીને બોટલમાં ભરી દેવું.

(૫) ઘરમાં જન્મ-મરણનું સૂતક હોય તો ૧૧ દિવસ પૂજા-પાઠ ન કરવા.

(૬) જે બહેન પૂજા-પાઠ કરતા હોય અને તે માસિક ધર્મમાં (M.C.) બેસે તો તે બહેને ૫ દિવસ પૂજા-પાઠ ન કરવા. પરિવારના બીજા સભ્યોએ પૂજા-પાઠ ચાલુ રાખવા.

(૭) પૂજા-પાઠ દરમિયાન તમામ સામાજિક પ્રસંગમાં તથા પોતાના સગાસંબંધીઓને ત્યાં જઈ શકો છો.

(૮) મુસાફરી કે નોકરીના કિસ્સામાં બહારગામ જવું પડે તો દીવાબત્તી ન થઈ શકે તો પણ હનુમાનજી દાદાની મૂર્તિ (ફોટો) સામે રાખી પૂજા-પાઠ કરવા.

(૯) જો દર્દી માનસિક અસ્થિર હોય, વધારે બીમાર હોય કે બાળક હોય તો તેની જગ્યાએ ઘરની અન્ય વ્યક્તિ પૂજા કરે. દર્દી સ્વસ્થ થાય ત્યારે તે પોતે જ પૂજાપાઠ કરે.

(૧૦) સંતાન પ્રાપ્તિ માટે પાઠમાં બેઠેલા દંપતીએ ગર્ભધારણના ત્રણ મહિના થયા પછી પાઠમાં બેસવા આવવું. પણ જો ડૉક્ટર બહેનને મુસાફરીની ના પાડે તો પતિએ જે આ પુસ્તક લઈને આવી જવું.

(૧૧) જેને પાઠ વાંચવાની સૂચનામાં.... થી .... માં ડેસ (–)ની નિશાની કરી હોય તો પાઠ વાંચવાની જરૂર નથી.

(૧૨) આ ચોપડીને કવર ચડાવીને રાખો. મહેરબાની કરીને આ ચોપડીને પાણી, તેલથી ખરાબ ન કરો.

## મહેરબાની કરીને ધ્યાનમાં રાખો

સાળંગપુર હનુમાનજી દાદાની પૂજામાં બેસવા માટેના નીચેના દિવસોએ આવવું નહીં. આ દિવસોમાં મંદિરમાં થતી પૂજા-પાઠની વિધિ બંધ રહે છે.

(૧) કારતક સુદ એકમ (અન્નકૂટ દર્શન, નવું વર્ષ)
(૨) કારતક સુદ બીજ (ભાઈબીજ)
(૩) ચૈત્ર સુદ પુનમ (હનુમાનજી જયંતી)
(૪) શ્રાવણ વદ અમાસ
(૫) આસો વદ પાંચમ (પાટોત્સવ)
(૬) આસો વદ ચૌદશ (કાળી ચૌદશ)
(૭) આસો વદ અમાસ (દિવાળી)
(૮) સૂર્ય-ચંદ્ર ગ્રહણકાળ

## પૂજા-પાઠનો સમય

**સવારે** : ૮-૦૦ કલાકે **સાંજે** : ૪-૦૦ કલાકે

પાઠના સમય પહેલાં બે કલાક વહેલા આવી કાઉન્ટર પર નામ લખાવી નારાયણ કુંડમાં સ્નાન કરી પૂજા-પાઠમાં બેસવાનું હોય છે. સ્નાન કરવા તેમજ પહેરવા માટે સ્વચ્છ વસ્ત્ર લાવવાં.

## આરતીનો સમય

**મંગળા આરતી** : સવારે ૫-૩૦ કલાકે
શનિવાર-મંળવાર-પૂનમ

**શણગાર આરતી** : સવારે ૭-૦૦ કલાકે

**સંધ્યા આરતી** : સંધ્યા સમયે (ઋતુ અનુસાર)

## દરરોજ દર્શન બંધ રહેવાનો સમય

**સવારે** : ૬-૩૦ થી ૭-૦૦ (બાળભોગ)

**બપોરે** : ૧૦-૩૦ થી ૧૧-૦૦ (રાજભોગ)
૧૨-૦૦ થી ૩-૦૦ (શયન)

**સાંજે** : સંધ્યા આરતી પછી ૪૫ મિનિટ (સાયંભોગ)

**રાત્રે** : ૯-૦૦ થી સવારે ૫-૩૦ સુધી (શયન)

# સાળંગપુર તીર્થધામના દર્શનીય સ્થળો

(૧) **શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર :** (મુખ્ય નિજ મંદિર)

(૨) **યષ્ટિકા (લાકડી) :** શ્રીહનુમાનજી મહારાજની જમણી બાજુમાં સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની પ્રસાદીની યષ્ટિકા (લાકડી).

(૩) **કૂવો :** શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં પ્રસાદીનો કૂવો છે. જેની ઉપર પિત્તળનું ઢાંકણું છે. જેનું પાણી આજે પણ હનુમાનજી મહારાજને સ્નાનપાન કરવામાં વપરાય છે.

(૪) **ભગવાન શ્રીસ્વામિનારાયણનું મંદિર :** હનુમાનજી મંદિરના પટાંગણમાં ભવ્ય કાષ્ટનું નવનિર્મિત મંદિર.

(૫) ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રસાદીનું ગાડુ, ઢોલિયો, બાજોઠ, પથ્થર અને અલગ અલગ કાષ્ટ જે સ્વામિનારાયણ મંદિરમાં છે.

(૬) **નારાયણ કુંડ** : ભગવાન શ્રીસ્વામિનારાયણ જ્યારે પણ સાળંગપુર આવતા ત્યારે આ કુંડમાં સ્નાન કરતા હતા તે પ્રસાદીનું પવિત્ર સ્થાન છે. આજે પણ ભૂત-પ્રેત, આધિ-વ્યાધિ, ઉપાધિથી પીડાતા લોકોને આ પવિત્ર કુંડમાં સ્નાન કરાવીને પછી જ પાઠમાં બેસાડવામાં આવે છે.

(૭) **જીવાખાચરનો દરબારગઢ** : ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે પણ સાળંગપુર આવતા હતા ત્યારે અહીંના રાજા જીવાખાચરના દરબારગઢમાં રહેતા હતા. તે દર્શનીય અને પવિત્ર સ્થળ અહીં છે. જે સ્થાને ભગવાન શ્રી સ્વામિનારાયણે ૧૮ વચનામૃત કહ્યા છે.

(૮) **શ્રીનીલકંઠ મહાદેવજી** : ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે પણ સાળંગપુર આવતા ત્યારે આ મહાદેવજીની પૂજા કરતા. આ મંદિર ધર્મશાળામાં આવેલ છે.

(૯) **પ્રસાદીની છત્રી :** મંદિરના પટાંગણમાં પ્રસાદીની છત્રી છે, જ્યાં ભગવાનશ્રી સ્વામિનારાયણે ભોજન કરેલ.

(૧૦) **પ્રસાદીનો ચોરો :** શ્રીહરિના ચરણોથી પવિત્ર સાળંગપુર ગામનો આ ચોરો છે, જ્યાં શ્રીહરિ અનેકવાર પધાર્યાં છે.

પૂજા-પાઠ આપ્યા પછીથી આપનું કષ્ટ નિવારણ થઈ જાય એટલે તરત જ માનતાની રકમ (રૂપિયા) મનીઓર્ડર/ચેક/ડ્રાફ્ટ ‘‘શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર’’ના નામનો કઢાવી નીચે સરનામે મોકલી આપવા વિનંતી.

અથવા રૂબરૂ આવો તો કાઉન્ટર નંબર-૪ ઉપર માનતાની રકમ (રૂપિયા) જમા કરાવી પાકી પહોંચ મેળવી લેવી.

**કોઠારી સ્વામીશ્રી,**

**શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર**

મુ.પો. સાળંગપુર (હનુમાન),

તા. બરવાળા, જિ. બોટાદ.

પીન-382450. ગુજરાત (ભારત)

ફોન : (02711) 241202, 241408

ફેક્સ : (02711) 241240

**Website :** www.salangpurhanumanji.com

**E-mail :** salangpurhanumanji@yahoo.co.in

❖ ❖ ❖

# નોંધ